અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ માર્ચ ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૭ | અંક : ૨૫૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### છત્તીસગઢમાં બે અલગ અલગ પોલીસ એન્કાઉન્ટર, એક જવાન શહીદ

## બે અલગ અલગ એન્કાઉન્ટરમાં ૨૨ નક્સલીઓને ફૂંકી મરાયા

### છત્તીસગઢના બીજાપુર-દંતેવાડા સરહદી વિસ્તાર ઉપરાંત, કાંકેરમાં પણ સુરક્ષા દળોએ નક્સલીઓનો ખાત્મો કરવામાં સફળતા મેળવી હતી

। (એજન્સી) રાયપુર, તા.૨૦ ।

છત્તીસગઢની બીજાપુર પોલીસે આજે મોટી સફળતા મેળવી છે. બીજાપુર-દંતેવાડા સરહદના જંગલ વિસ્તારમાં એક્રાઉન્ટર દરમિયાન ૧૮ નક્સલીઓ માર્યા ગયા છે. બીજાપુર પોલીસે પોતે આ માહિતી આપી છે. આજે સવારે ૭ વાગ્યાથી નક્સલવાદીઓ સામે પોલીસની એક સંયુક્ત ટીમ નીકળી હતી. આ ટીમ ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં માઓવાદી વિરોધી કાર્યવાહી પર ગઈ હતી અને અત્યાર સુધીમાં ૧૮ નક્સલીઓ માર્યા ગયા છે. આ ઉપરાંત કાંકેર જિલ્લામાં પણ ૪ નક્સલીઓ માર્યા ગયા છે. બીજાપુર-દંતેવાડા સરહદી વિસ્તાર ઉપરાંત, કાંકેરમાં પણ સુરક્ષા દળોએ નક્સલીઓનો ખાત્મો કરવામાં સફળતા મેળવી છે. કાંકેર જિલ્લામાં થયેલા એક્રાઉન્ટરમાં કુલ ૪ નક્સલીઓ માર્યા ગયા છે. આ કાર્યવાહીમાં કુલ ૨૨ નક્સલીઓ માર્યા ગયા છે, જેમાં બીજાપુર-દંતેવાડા સરહદના જંગલ વિસ્તારમાં થયેલા એક્રાઉન્ટરમાં ૧૮ અને કાંકેર જિલ્લામાં થયેલા એન્કાઉન્ટરમાં ૪ નક્સલીઓ માર્યા ગયા છે. છત્તીસગઢ સરકારની નક્સલવાદીઓ સામે ઝીરો ટોલેરેન્સની નીતિના ભાગ રૂપે, એક સંયુક્ત ટીમ આજે બીજાપુર અને દાંતેવાડાની સરહદ પર આવેલા ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં માઓવાદી વિરોધી કાર્યવાહી પર નીકળી હતી. સવારે ૭ વાગ્યાથી માઓવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે સતત ગોળીબાર ચાલુ હતો. એન્કાઉન્ટર સ્થળેથી બે નક્સલીઓના મૃતદેહ અને મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો. ટીમ દ્વારા શોધખોળ ચાલુ હતી. બીજાપુર અને દાંતેવાડાની સરહદ નજીક ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં માઓવાદી વિરોધી કાર્યવાહી માટે એક સંયુક્ત ટીમ નીકળી હતી. આ કાર્યવાહી દરમિયાન આજે સવારે ૭ વાગ્યાથી માઓવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર શરૂ થયો હતો. એન્કાઉન્ટર સ્થળેથી ૧૮ નક્સલીઓના મૃતદેહ અને મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. બીજી તરફ, એક્રાઉન્ટરમાં બીજાપુર ડીઆરજીનો એક સૈનિક શહીદ થયો છે. એન્કાઉન્ટર બાદ સર્ચ ઓપરેશન ચાલુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બીજાપુર અને દાંતેવાડાની સરહદ પર આવેલા જંગલ વિસ્તાર ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારના ટોડકા આંદ્રી જંગલમાં નક્સલીઓ અને સુરક્ષા દળો વચ્ચે સંયુક્ત એક્રાઉન્ટર થયું છે. આ એક્રાઉન્ટરમાં નક્સલીઓને ભારે નુકસાન થયું હોવાના અહેવાલો છે. આ ફોર્સ નક્સલવાદીઓના મુખ્ય વિસ્તારમાં પ્રવેશી ગઈ છે. સૈનિકોએ નક્સલવાદીઓના મોટા કેડરને ઘેરી લીધા છે.



નવી દિલ્હી ખાતે ભૂતપૂર્વ લોકસભા અધ્યક્ષ શિવરાજ પાટિલ અને ભાજપ નેતા અર્ચના પાટિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

### ન્યૂઝ બ્રિફ

#### દિશા આપઘાત કેસમાં પૂછપરછ કરવા બોમ્બે હાઈકોર્ટમાં અપીલ

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિશા સાલિયાનના પિતા સતિષ સાલિયાને દિશાના મોતની તપાસ નવેસરથી શરૂ કરવાની માગ કરી છે. જેના માટે તેમણે બુધવારે બોમ્બે હાઈકોર્ટમાં અપીલ કરી છે. અપીલમાં શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરે વિરૂદ્ધ એફઆઈઆર નોંધવા તેમજ કેસ સીબીઆઈને સોંપવાની માગ થઈ છે. દિશાના પિતાએ આરોપ મૂક્યો છે કે, દિશા સાથે ગેંગરેપ કર્યા બાદ તેની હત્યા કરવામાં આવી હતી. દિશા સાલિયાને ૮ જૂન, ૨૦૨૦ના રોજ મલાડની એક બિલ્ડિંગના ૧૪માં માળેથી કૂદીને આપઘાત કર્યો હોવાના સમાચાર મળ્યા હતાં.

#### કોંગ્રેસે દેશના ૭૦૦ જિલ્લા પ્રમુખોને દિલ્હી બોલાવ્યા

। નવી દિલ્હી, તા.૨૦ ।

રાહુલ ગાંધી તાજેતરમાં જ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા ત્યારે જ તેમણે કોંગ્રેસમાં ધરમૂળથી પરિવર્તનના સંકેત આપી દીધા હતા અને અનેક લોકોની હકાલપટ્ટી કરવા સુધીની પણ તૈયારી બતાવી દીધી હતી. જોકે તાજેતરના અહેવાલ અનુસાર કોંગ્રેસમાં લાંબા સમય બાદ કોઈ મોટી એક્શનની તૈયારી દેખાઈ રહી છે. માહિતી મુજબ કોંગ્રેસે દેશભરમાંથી ૭૦૦ જેટલા જિલ્લા સ્તરના અધ્યક્ષને દિલ્હી બોલાવ્યા છે. જોકે આ એક્શનનો ઉદ્દેશ્ય કોંગ્રેસ સંગઠનને ફરી પગભર કરીને મજબૂત કરવાનો હોવાનું જાણવા મળ્યું છે.

### લગ્નના ૪ વર્ષ પછી સંબંધોનો અંત

## સ્પિનર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડા થયા

### ચહલ અને ધનશ્રીના લગ્ન ડિસેમ્બર ૨૦૨૦માં થયા હતા : હવે બંને સત્તાવાર રીતે અલગ થઈ ગયા

। મુંબઈ, તા.૨૦ ।





ટીમ ઈન્ડિયાના સ્પિનર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડા થઈ ગયા છે. ચહલ અને ધનશ્રીના લગ્ન ડિસેમ્બર ૨૦૨૦માં થયા હતા. હવે, લગભગ ચાર વર્ષના લગ્નજીવન પછી, બંને સત્તાવાર રીતે અલગ થઈ ગયા છે. ધનશ્રી અને ચહલનો છૂટાછેડાનો કેસ બાંદ્રા ફેમિલી કોર્ટમાં ચાલી રહ્યો હતો. ગુરુવારે બપોરે તેમના છૂટાછેડાનો નિર્ણય આવ્યો. ચહલ અને ધનશ્રીએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લીધા છે. આ બંને વચ્ચે પહેલી વાતચીત સોશિયલ મીડિયા દ્વારા થઈ હતી. તે બંને સોશિયલ મીડિયા દ્વારા મિત્ર બન્યા અને પછી લગ્ન કરી લીધા. પરંતુ આ સંબંધ લાંબો સમય ટકી શક્યો નહીં. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, ચહલે ભરણપોષણ તરીકે ૪.૭૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. તેમણે આમાંથી ૨.૩૭ કરોડ રૂપિયા ચૂકવી દીધા છે.

યુઝવેન્દ્ર ચહલે એક પોડકાસ્ટમાં કહ્યું હતું કે તે ધનશ્રી પાસેથી ડાન્સ શીખવા માંગતો હતો. એટલા માટે તેણે તેની સાથે વાત કરવાનું શરૂ કર્યું. પરંતુ આ પછી બંને મિત્રો બન્યા અને પછી લગ્ન કરવાનું નક્કી કર્યું. પરંતુ હવે તેઓ અલગ થઈ ગયા છે. ધનશ્રી અને ચહલ કેમ અલગ થયા તે હજુ સુધી બહાર આવ્યું નથી. ધનશ્રીએ થોડા મહિના પહેલા તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ચહલની સરનેમ હટાવી દીધી હતી.

### દિલ્હી હાઈકોર્ટે આપ્યો ચુકાદો

## સક્ષમ મહિલાઓએ ભરણ પોષણની માગ ન કરવી જોઇએ

### એક સારી શિક્ષિત પત્ની, જેને નોકરીનો સારો અનુભવ હોય, તેણે ફક્ત પતિ પાસેથી ભરણપોષણ મેળવવા માટે ખાલી ન બેસવું જોઈએ


। (એજન્સી) નવીદિલ્હી, તા.૨ ।

દિલ્હી હાઈકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સક્ષમ મહિલાઓએ ભરણપોષણની માગણી ન કરવી જોઈએ તેમ કહ્યું હતું. ન્યાયાધીશ ચંદ્રધારી સિંહે ચુકાદો આપતાં કહ્યું કે, પતિ-પત્ની વચ્ચે સમાનતા હોવી જોઈએ. પત્ની, બાળકો અને માતા-પિતાને સુરક્ષા આપવાની વાત કરે છે પરંતુ તેઓ બેકાર બેઠા રહેવાને પ્રોત્સાહન આપતા નથી. હાઈકોર્ટે મહિલાની અરજીને નકારી કાઢી હતી. જેમાં તેણે પતિથી અલગ થઈને ભરણપોષણની માંગ કરી હતી. ન્યાયાધીશ સિંહે કહ્યું, એક સારી શિક્ષિત પત્ની, જેને નોકરીનો સારો અનુભવ હોય, તેણે ફક્ત પતિ પાસેથી ભરણપોષણ મેળવવા માટે ખાલી ન બેસવું જોઈએ. તેથી, હાલના કેસમાં વચગાળાના ભરણપોષણની માંગણી ટકી શકે નહીં, કારણ કે આ કોર્ટને લાગે છે કે અરજદાર પાસે કમાવવાની અને શિક્ષણ મેળવવાની ક્ષમતા છે. જોકે, કોર્ટે તેણીને આત્મનિર્ભર બનવા માટે સક્રિયપણે નોકરી શોધવા માટે પ્રોત્સાહિત કરતા કહ્યું, તેણી પાસે બહોળો અનુભવ છે અને તે સાંસારિક બાબતોથી પરિચિત છે.

## રૂપિયા ૧,૫૦૦ કરોડની યોજનાને કેબિનેટની મંજૂરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષ માટે ઓછા મૂલ્યના BHIM-UPI ટ્રાન્ઝેક્શનને વેગ આપવા માટે એક પ્રોત્સાહન યોજનાને બુધવારે મંજૂરી આપી હતી અને તેના માટે રૂા.૧,૫૦૦ કરોડની ફાળવણી કરી છે. આ યોજના હેઠળ નાના દુકાનદારોને ઓછા મૂલ્યના ભીમ-યુપીઆઈ ટ્રાન્ઝેક્શન (પીરએમ) માટે પ્રોત્સાહન આપશે અને તેમને લાભ થશે.યોજનાની માર્ગદર્શિકા મુજબ નાના વેપારીઓને રૂા.૨,૦૦૦ સુધીના UPI પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) ટ્રાન્ઝેક્શન પર ૦.૧૫% પ્રોત્સાહન મળશે. તેનાથી વિપરીત મોટા વેપારીઓને આવા ટાન્ઝેક્શન માટે કોઈ પ્રોત્સાહન મળશે નહીં. નાના વેપારીઓને ટ્રાન્ઝેક્શન મૂલ્યના ૦.૧૫ ટકા સુધી પ્રોત્સાહન આપવાનો હેતુ સરળ, સુરક્ષિત અને ઝડપથી રોકડ પ્રવાહ સુનિશ્ચિત કરવાનો છે. તેનાથી ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે ક્રેડિટની સુવિધામાં પણ વધારો થશે.આ સ્કીમથી સામાન્ય નાગરિકોને કોઈ વધારાના ચાર્જ વગર ચુકવણીની સરળ સુવિધાનો લાભ મળશે. આ પ્રોત્સાહન યોજનાના અમલથી નાના વેપારીઓ કોઈ વધારાના ખર્ચ વગર UPI સેવાઓનો ઉપયોગ કરી શકશે. નાના વેપારીઓ ભાવ પ્રત્યે સંવેદનશીલ હોવાથી આ પ્રોત્સાહનો તેમને UPI ચુકવણી સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરશે.




## ૨૪ માર્ચે SEBI નવા નિયમો પર લેશે નિર્ણય

### SEBIએ ૧૧૦થી વધારે બ્રોકર્સને શો-કોઝ નોટિસ ફટકારી હતી આ નોટિસના ઉકેલ માટે સેબીએ સેટલમેન્ટ સ્કીમ તૈયાર કરી

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

ભારતીય શેરબજારના રેગ્યુલેટર SEBIએ ૧૧૦થી વધારે બ્રોકર્સને ફટકારવામાં આપવામાં આવેલી નોટિસના ઉકેલ (સોલ્યુશન્સ) માટે એક સેટલમેન્ટ સ્કીમ તૈયાર કરી છે. મનીકંટ્રોલના રિપોર્ટ મુજબ, આ બ્રોકર્સ પર અનિયમિત અલ્ગો ટ્રેડિંગ પ્લેટફોર્મ્સ સાથે સંકળાયેલા હોવાનો આરોપ છે. આ લિસ્ટમાં Zerodha, 5Paisa, MOilal Oswal જેવા મોટા બ્રોકર્સ પણ સામેલ છે. ઘણા અનિયમિત પ્લેટફોર્મ્સ બ્રોકર સિસ્ટમ સાથે જોડાઈને ઓટોમેટિક અલ્ગો ટ્રેડિંગની સુવિધા આપી રહ્યા છે. આ પ્લેટફોર્મ્સ પર ગેરેન્ટેડ રિટર્નનો દાવો કરવામાં આવી રહ્યો હતો, જે SEBIના નિયમોનું ઉલ્લંઘન છે. SEBIએ જૂન ૨૦૨૨માં ચેતવણી આપી હતી અને સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ એક પરિપત્ર જાહેર કરીને આવા પ્લેટફોર્મ્સની સાથે બ્રોકર્સને સંબંધ તોડી નાખવાનો નિર્દેશ આપ્યો હતો. તેમ છતાં ઘણા બ્રોકર્સ આ પ્લેટફોર્મ્સ સાથે સંકળાયેલા રહ્યા અને અલ્ગો ટ્રેડિંગને પ્રોત્સાહન આપતા રહ્યા, જેથી SEBIએ તપાસ બાદ ૧૧૦થી વધારે બ્રોકર્સને શો-કોઝ નોટિસ ફટકારી હતી. ભારતીય શેરબજારના રેગ્યુલેટર SEBI (Securities and Exchange Board of India)એ ૧૧૦થી વધારે બ્રોકર્સને ફટકારવામાં આપવામાં આવેલી નોટિસના ઉકેલ (સોલ્યુશન્સ) માટે એક સેટલમેન્ટ સ્કીમ તૈયાર કરી છે. સેબીની સેટલમેન્ટ સ્કીમને ૨૪ માર્ચે સેબીની બોર્ડ મીટિંગમાં રજૂ કરવામાં આવશે, ત્યારબાદ તેને લાગુ કરવામાં આવશે. સ્કીમ હેઠળ, બ્રોકર્સ નજીવી પેનલ્ટી (૧-૨ લાખ રૂપિયા) ચૂકવીને સેટલમેન્ટ કરી શકે છે. આ સ્કીમ ત્રણ મહિના સુધી ખુલ્લી રહેશે અને જો જરૂર પડશે તો તેનો સમયગાળો લંબાવવામાં પણ આવશે.

## “વિશ્વ વન દિવસ”




। અમદાવાદ, તા.૨૦ ।

દર વર્ષે ૨૧, માર્ચના રોજ આખા વિશ્વમાં "વિશ્વ વન દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વનો દ્વારા મળતા અગણિત લાભો,પેદાશો અને ઉપકારોને યાદ કરી તેનું ઋણ ચૂકવવાનો છે. વનોને કઈ રીતે જાળવવા જોઈએ તથા તેને નુકશાન પહોંચાડ્યા સિવાય તેનું આયોજન અને વ્યવસ્થાપન કઈ રીતે કરવું જોઈએ કે જેથી અત્યાર સુધી મળતા ફાયદાઓ ભવિષ્યમાં પણ મેળવી શકાય તે અંગેની જાગૃતિ આ દિવસે ફેલાવવામાં આવે છે. ઈ.સ. ૧૯૭૧ માં મળેલી ૨૩મી "યુરોપિયન કોન્ફેડરેશન ઓફ એગ્રીકલ્ચર" ની સામાન્ય સભામાં આ દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. જેને "યુનાઈટેડ નેશન્સ ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન" **(Food and Agriculture Organization)** દ્વારા પણ સહકાર મળ્યો. નવેમ્બર ૨૦૦૫માં "ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન **(FAO)" (Food and Agriculture Organization)** એ જાહેર કરેલ યાદી મુજબ વિશ્વમાં દર મીનીટે ૨૫ હેક્ટર એટલેકે ૩૬ ફુટબોલ મેદાન જેટલા કુદરતી વનોનો નાશ થઈ રહ્યો છે. જો આ જ ઝડપે વનોનો નાશ થવાનો ચાલુ રહેશે તો કદાચ એક દિવસ પૃથ્વી વનવિહોણી બની જશે. ભારતનાં સંદર્ભમાં જોઈએ તો વૈજ્ઞાનિકોના મતે ઓછામાં ઓછી ૩૩% જમીન વનવિસ્તાર ધરાવતી હોવી જોઈએ,જેની સામે આજે ફક્ત ૧૨% જમીન વનવિસ્તાર ધરાવે છે.આથી આપણે ફક્ત વનોને બચાવવાનાંજ નથી. પરંતુ, વનવિસ્તાર પણ વધારવાની જરૂર છે. ૨૧ મી માર્ચ વિશ્વ વન દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનો આશય જ પરમ હિતકારી સંત જેવા વૃક્ષોને ઉછેરવા અને સાચવવાની સાર્વત્રિક જાગૃતિ કેળવવાનો છે. વૃક્ષો સચવાશે તો જ ધરતી રહેવા જેવી રહેશે અને જીવન જળવાશે. યુગોથી ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ અને વૃક્ષોમાં દેવત્વ નું આરોપણ કરવામાં આવ્યું છે. આમ, વૃક્ષો અને વનસ્પતિ ભક્તિ ભાવ સાથે જોડાયેલા છે. વૃક્ષો ભારતીય સંસ્કૃતિ ના શ્રધ્ધા કેન્દ્રો છે. વૃક્ષ સંપદા અને વનોને સાચવવા એ દેવ ભક્તિ સમાન કામ છે.

# અમદાવાદ મંડળ પર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો









। અમદાવાદ, તા.૨૦ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ માં મહિલા કર્મચારીઓ માટે આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૫ ખૂબ જ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે મનાવવામાં આવ્યો. આ સમારોહ નું સમાપન મંડળ ના વિવિધ વિભાગોની અનેક મહિલા કર્મચારીઓ ને તેમના સતત પરિશ્રમ, સમર્પણ અને રેલ્વે માં યોગદાન આપવા બદલ સન્માનિત કરીને કરવામાં આવ્યું. આ વર્ષના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અભિયાન નો વિષય "કાર્યવાહી માં તેજી : એક્સિલરેટ એક્શન" છે. આ કાર્યક્રમ દરમિયાન, મંડળ કાર્યાલયમાં સાંસ્કૃતિક કાર્યક્રમ,સિંગિંગ,ડાન્સ,ક્વિઝ, કવિતા અને શાયરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એપોલો હોસ્પિટલના ડૉ. પ્રિયંકા શ્રીવાસ્તવ એમબીબીએસ, એમડી મેડિસિને, મહિલા સ્વાસ્થ્ય પર આયોજિત સેમિનારમાં મહિલાઓને લગતા કેન્સર પર વ્યાખ્યાન આપ્યું. આ દરમિયાન એપોલો હોસ્પિટલના ડૉ. પ્રિયંકા શ્રીવાસ્તવ એમબીબીએસ, એમડી મેડિસિને, વુમન હેલ્થ પર આયોજિત સેમિનારમાં મહિલાઓને લગતા કેન્સર પર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમદાવાદ થી હાજર રહેલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પ્રતાપ સિંહ ઝાલાએ તમામ મહિલાઓને સાયબર ક્રાઈમ વિશે માહિતી આપી હતી.

ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ માહિતી આપતાં, જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં, મહિલાઓ પોતાની જાતને એવી રીતે પ્રદર્શિત કરવા માં સક્ષમ થઈ છે કે લોકોની માનસિકતા સમાજમાં મહિલાઓ દ્વારા કરવામાં આવતા કાર્યને ઓળખવા માટે બદલાવા લાગી છે. તે મહિલાઓના અધિકારો, યોગદાન, શિક્ષણ અને તેમની કારકિર્દીની તકો વગેરે વિશે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે. અમદાવાદ મંડળ પર પણ મહિલા રેલ્વે કર્મચારીઓ સંપૂર્ણ રીતે પુરુષ કર્મચારીઓની સાથે ઉત્તમ કાર્ય કરી રહી છે. ટ્રેનો ચલાવવાથી લઈને ભારે થી ભારે કાર્યો સક્ષમ રીતે કરી રહી છે. આ પ્રસંગે પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન અમદાવાદના પ્રમુખ શ્રીમતી સંગીતા શર્માએ જણાવ્યું હતું કે ભારતીય સમાજમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં મહિલાઓની ભૂમિકા હંમેશા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. આપણે પરિવારની વાત કરીએ કે સમાજની, રાજકારણની વાત કરીએ કે અર્થતંત્રની, સ્ત્રીઓ દરેક જગ્યાએ પોતાની ભૂમિકા ખૂબ જ સારી રીતે ભજવી રહી છે. આજે દુનિયામાં એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં મહિલાઓએ પોતાને સાબિત ન કર્યું હોય; મહિલાઓએ દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા સાબિત કરી છે. આ કાર્યક્રમ દરમિયાન, શ્રીમતી સંગીતા શર્માએ મંડળ પર કાર્યરત કુલ ૩૪ મહિલા કર્મચારીઓને તેમના દ્વારા કરવામાં આવેલા ઉત્કૃષ્ટ કાર્ય બદલ મોમેંટો અને પ્રમાણપત્રો આપીને સન્માનિત કર્યા. વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થના માર્ગદર્શન અને કર્મચારી લાભ નિધિ ના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કર્મચારી લાભ નિધિ ના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૩૦૦ થી વધુ મહિલા કર્મચારીઓ હાજર રહી હતી.

### મધ્યગુજરાતમાં પોલીસનો સપાટો

# વડોદરામાં ૫૦૦ અસામાજિક તત્વોની પોલીસ દ્વારા અટકાયત

### અમદાવાદમાં સશસ્ત્ર હુમલાખોરોએ ખોફ પેદા કર્યા બાદ રાજ્ય પોલીસ વડાએ આવા તત્વો સામે કાર્યવાહી કરવા સૂચના આપી હતી

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

રાજ્ય પોલીસવડાએ ગુંડા તત્વો સામે ઝુંબેશ ચલાવવા માટે આદેશ આપ્યા બાદ વડોદરા સહિત મધ્યગુજરાત તથા દક્ષિણ ગુજરાતના ભરૂચ તથા નર્મદા જિલ્લાની પોલીસે ગઈ કાલે રાત્રે તમામ વિસ્તારોમાં એક સાથે અસામાજિક તત્વો ઉપર સપાટો બોલાવ્યો હતો.અમદાવાદમાં સશસ્ત્ર હુમલાખોરોએ ખોફ પેદા કર્યા બાદ રાજ્ય પોલીસ વડાએ આવા તત્વો સામે કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જેને પગલે ગઈકાલે રાત્રે વડોદરા શહેરના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોલીસ કાફલા સાથે જુદા જુદા વિસ્તારોમાં ફરી વળ્યા હતા. પોલીસે ૫૦૦ જેટલા અસામાજિક તત્વો તેમજ ગુનાઈત ભૂતકાળ ધરાવતા તત્વોને અટકમાં લીધા હતા. ૪૩૬ વાહનો ચેક કર્યા હતા જ્યારે, ૫૫ વાહનો ડીટેઈન કર્યા હતા. છોટા ઉદેપુર નાયબ પોલીસ અધિક્ષક કે એચ સૂર્યવંશી એ જણાવ્યું હતું, કે ગુજરાત રાજ્યમાં પોલીસ દ્વારા એક મુહિમ ચલાવવામાં આવેલ છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ લોકોમાં સુરક્ષા અને સલામતી અનુભવાય સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રના માધ્યમથી અસામાજિક ગુંડા તત્વોની યાદી જાહેર કરી તેઓને બોલાવી ચુચના આપવામાં આવી છે કે કાયદોને વ્યવસ્થા કોઈ પણ હિસાબે હાથમાં લેવી નહીં અને જો હાથમાં લેશે તો તેમની ઉપર કડક કાયદાકીય પગલા નો સામનો કરવો પડશે.ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વરમાં વિશેષ અભિયાન શરૂ કરાયું છે. શહેરના એ ડિવિઝન, બી ડિવિઝન, રૂરલ, પાનોલી અને જીઆઈડીસી પોલીસ મથકના વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને નાઈટ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે.અંકલેશ્વર ડી.વાય.એસ.પી. ડો. કુશલ ઓઝાના નેતૃત્વમાં પાંચ પોલીસ મથકના પી.આઈ.ની હાજરીમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે ગુનાઈત ભુતકાળ ધરાવતા શંકાસ્પદ વ્યક્તિની પુછપરછ કરી છે. ખાસ કરીને પરપ્રાંતીય વસાહતોમાં પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે. અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. પોલીસની આ કાર્યવાહીને કારણે અસામાજિક તત્વો માં ફફડાટ ફેલાયો છે. તો પોલીસ દ્વારા આ દરમિયાન તમામ ૫ પોલીસ મથક ના માથાભારે તત્વો, હિસ્ટ્રીશીટર, ચોર, આર્મ એક્ટ, નશાખોરી ના વેપલા સંચાલકો, વારંવાર મારામારી, લૂંટ સહીત વિવિધ ગુનામાં સંડોવાયેલ આરોપીને રાઉન્ડઅપ કર્યા બાદ તેમના એક લિસ્ટ પણ તૈયાર કર્યુ હતું. નર્મદા જિલ્લા પોલીસ વડા પ્રશાંત શુંબેની સુચના મુજબ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારના ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓનું એક લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં એમને રૂબરૂ બોલાવી જે તે પોલીસ અધિકારીઓ દ્વારા એમને ફરીથી કોઈ ગુનો ન કરવા અને જો ફરીથી સુલેહ શાંતિ ભંગ થાય એવો કોઈ ગુનો આચરશે તો જાહેરમાં એમની સરભરા કરવાની ચેતવણી આપવામાં આવી હતી.

# અમદાવાદ મંડળની સાંસ્કૃતિક ટીમે ઈન્ટર ડિવિઝન રેલ્વે સાંસ્કૃતિક નાટક સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું



। અમદાવાદ, તા.૨૦ ।

તાજેતરમાં ઈન્ટર રેલવે સાંસ્કૃતિક નાટક સ્પર્ધા મહોત્સવનું આયોજન પ્રયાગરાજમાં કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ભારતીય રેલવે ના પ્રાદેશિક અને એકમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં આપણા અમદાવાદ ડિવિઝને પશ્ચિમ રેલવે નું પ્રતિનિધિત્વ કર્યું હતું. આપણા મંડળ ના માટે આ ખૂબ જ ગર્વની વાત છે કે આ સ્પર્ધામાં કુ.અંકિતા હિરે, આસિસ્ટન્ટ લોકો પાયલટ ગાંધીધામના ને "શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી" (બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ) નો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

આ પહેલા અમદાવાદ મંડળ ની સાંસ્કૃતિક ટીમે પશ્ચિમ રેલવે માં ઈન્ટર ડિવિઝન સાંસ્કૃતિક નાટક સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું આ સાથે જ અમદાવાદ મંડળ ને બેસ્ટ ડાયરેક્ટર - શ્રીમતી ચારુલતા ટાલે,મુખ્ય કલ્યાણ નિરીક્ષક, બેસ્ટ એક્ટ્રેસ - શ્રીમતી કુસુમ ચૌબે, એ.એલ.પી./અમદાવાદ, બેસ્ટ બેકગ્રાઉન્ડ સાઉન્ડ - શ્રી અનુપ કુમાર,પીપી-સાબરમતી અને શ્રી મની કે, એમ.સી.એફ.-સાબરમતી અને બેસ્ટ એક્ટ્રેસ જ્યુરી- કુ.અંકિતા હિરે, આસિસ્ટન્ટ લોકો પાયલટ-ગાંધીધામ ને પણ એવોર્ડ મળ્યો હતો.

તારીખ ૧૯.૦૩.૨૦૨૫ ના રોજ, ડિવિઝનલ રેલવે મેનેજર, શ્રી સુધીર કુમાર શર્માએ બધા કલાકારોને બોલાવીને તેમની સાથે મુલાકાત કરી અને બધાનો ઉત્સાહ વધાર્યો છે સાથે જ તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી. ડિવિઝનલ રેલવે મેનેજર સાથેની મુલાકાત ના સમયે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ પણ હાજર રહ્યા હતા.

## વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં બ્લોકને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે

। અમદાવાદ, તા.૨૦ ।

રાજકોટ ડિવિઝનના વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નંબર ૨૩ માટે હાલના સ્ટીલ ગર્ડરની જગ્યાએ PSC સ્લેબની જોગવાઈનું કામ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બ્લોકને કારણે અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:-

૧) ૨૨.૦૩.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી ઉપડશે અને વિરમગામ સુધી જશે અને વિરમગામથી તેને ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ તરીકે ચલાવવામાં આવશે.

૨) ૨૨.૦૩.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી ઉપડશે અને સુરેન્દ્રનગર સુધી જશે અને સુરેન્દ્રનગરથી તેને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ તરીકે ચલાવવામાં આવશે.

૩) ૨૧.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૬૧૪ કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ માર્ગમાં એક કલાક માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

૪) ૨૨.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૩૩૭ ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૪૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

## વિશ્વ ચકલી દિવસ નિમિત્તે સાયન્સ સિટીમાં વિદ્યાર્થીઓને ચકલી વિશે જાગૃત કરવામાં આવ્યાં



। અમદાવાદ, તા.૨૦ ।

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે સાયન્સ સિટીમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ અવસરે ડૉ. શબનમ સૈયદ દ્વારા વિદ્યાર્થીઓને ચકલીના મહત્ત્વ, તેના સંરક્ષણ અને પર્યાવરણમાં તેની ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

ડૉ. શબનમ સૈયદે જણાવ્યું કે, ચકલી શહેરી વિસ્તારોમાંથી ગુમ થતી જઈ રહી છે, જે પર્યાવરણ માટે ચિંતાજનક બાબત છે. તેમણે ચકલી માટે અનુકૂળ માહોલ સર્જવા, પાણી અને અનાજ ઉપલબ્ધ કરાવવા તથા તેના વસવાટ માટે સલામત સ્થળો બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું.

સાયન્સ સિટી તરફથી વિદ્યાર્થીઓને ચકલી માટે બનાવેલા ઘોંસલા પણ આપવામાં આવ્યા અને તેને યોગ્ય જગ્યાએ સ્થાપિત કરવા પણ માહિતગાર કરવામાં આવ્યા. આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

# અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈનની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ‘આંતર જિલ્લા યુવા આદાન પ્રદાન’ કાર્યક્રમનું આયોજન

### અમદાવાદ જિલ્લાની સંસ્કૃતિ, વારસો, શિક્ષણ, ઉદ્યોગ, તથા વિકાસ જેવા વિષય અનુભવ આધારિત શિક્ષણ તેમજ ઐતિહાસિક તેમજ મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાતો કરાવવામાં આવશે





। (માહિતી) અમદાવાદ ।

ભારત સરકારના યુવા બાબતો અને ખેલ મંત્રાલય અંતર્ગત મેરા યુવા ભારત - જિલ્લા યુવા અધિકારીની કચેરી, નહેરૂ યુવા કેન્દ્ર અમદાવાદ દ્વારા ‘આંતર જિલ્લા યુવા આદાન પ્રદાન’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યકમમાં જામનગરથી ભાગ લેવા આવેલ યુવાનોને અમદાવાદની કલા, સંસ્કૃતિ, શિક્ષણ, ખાન-પાન, વિકાસ અને અન્ય અનેક મુદ્દાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. જિલ્લા યુવા અધિકારી શ્રી પ્રિતેશ કુમાર ઝવેરીના નેતૃત્વ માં યુવક વિકાસ ટ્રસ્ટ ભવનના સભાખંડમાં ૧૯ માર્ચ થી ૨૩ માર્ચ સુધી ચાલનારા પાંચ દિવસીય શિબિરનું ઉદ્ઘાટન સમારોહ અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ અમદાવાદ મેયરશ્રી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ સફળ કાર્યક્રમો, અભિયાનો તથા અગામી પ્રોજેક્ટ્સ અને તેમાં યુવાનોની ભૂમિકા પર પ્રતિભાગી યુવાનોને માહિતગાર કરી યુવાનોને માર્ગદર્શિત કર્યા હતા. જ્યારે યુવક વિકાસ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ મંદાબેન પરીખ દ્વારા પણ યુવક વિકાસ ટ્રસ્ટ દ્વારા યુવાનો માટે ચલાવવામાં આવતા વિવિધ અભિયાનો- કાર્યક્રમો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપતા જિલ્લા યુવા અધિકારી એ જણાવ્યું હતું કે, પાંચ દિવસીય આંતર જિલ્લા યુવા આદાન પ્રદાન કાર્યક્રમ શિબિરમાં જામનગર ના પ્રતિભાગી યુવાનોને અમદાવાદ જિલ્લાની સંસ્કૃતિ, વારસો, રહેણી કરણી, ખાન પાન, શિક્ષણ, ઉદ્યોગ, તથા વિકાસ જેવા વિષય અનુભવ આધારિત શિક્ષણ જેમાં ગાંધી આશ્રમ જેવા ઐતિહાસિક સ્થળોની શૈક્ષણિક મુલાકાત થી માંડી સાબરમતી રિવર ફ્રન્ટ, અટલ બ્રિજ, કાંકરિયા તળાવ તથા ઝૂ, સાયન્સ સિટી, અમૂલ ફેડ ડેરી, તથા ગુજરાત વિધાપીઠ જેવા મહત્વ પુર્ણ સ્થળો ની શૈક્ષણિક તથા અનુભવ આધારિત મુલાકાતો કરાવવામાં આવશે. આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સેશન, વિવિધ પ્રતિયોગિતાઓ, તથા સ્વછતા હિ સેવા, તથા સામૂહિક યોગાભ્યાસ તથા સ્થાનીય રમત ગમત ગતિવિધીઓ દ્વારા પ્રતિભાગી યુવાનોને અમદાવાદ જિલ્લાના વિવિધ આયામો થી રૂબરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં મંચ સંચાલન યુવક વિકાસ ટ્રસ્ટના વરિષ્ઠ કાર્યક્રમ અધિકારી વિક્રમસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું તથા કાર્યક્રમમાં યુવક વિકાસ ટ્રસ્ટ તરફથી હિસાબનીશ પ્રકાશ શાહ અને અન્ય પદાધિકારીગણ સમેત નેહરુ યુવા કેન્દ્ર સ્ટાફ ગણ તથા યુવા કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### પ્રકાશ રાજ સહિત સાઉથના એક્ટરોની સામે કેસ દાખલ

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

ભારતમાં ગેરકાયદે જુગાર અને સટ્ટાબજારનો પ્રચાર અને પ્રસાર ખૂબ જ ખતરનાક ગતિએ વધી રહ્યો છે. ઈન્ટરનેટ મીડિયાના માધ્યમથી આ પ્લેટફોર્મ્સ સુધી પહોંચવાનો સૌથી વધુ પ્રયાસ થયો. વધુમાં બોલિવૂડ કલાકારો અને ઈન્ફ્લુએન્સર્સ દ્વારા સટ્ટાબજારના આ પ્લેટપોર્મ્સનો પ્રચાર કરવામાં આવતા તેનો પ્રસાર વધુ ઝડપી બન્યો છે. ત્યારે પ્રખ્યાત કલાકારો રાણા દગ્ગુબાતી, પ્રકાશ રાજ, વિજય દેવેરાકોંડા, મંચુ લક્ષ્મી, પ્રણીતા, નિધિ અગ્રવાલ, અનન્યા, હનુમંથુ, શ્રીમુખી અને અન્ય પ્રભાવકો સામે સટ્ટાબાજી અને જુગારની એપને પ્રચાર કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. ઓનલાઈન જુગાર અને સટ્ટા વિરુદ્ધ સરકાર અને ગૂગલ તથા મેટા જેવી મોટી ટેક્નોલોજી કંપનીઓની સંયુક્ત લડાઈની જરૂર છે.

### બોર્ડર પર સ્થિતિ બગાડવા પાછળ કેન્દ્ર સરકાર જવાબદાર : સંજય સિંહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

પંજાબ પોલીસે શંભૂ બોર્ડર પર એક વર્ષથી આંદોલન કરી રહેલા ખેડૂતોને હટાવવા માટે બળપ્રયોગ અને બુલડોઝરનો ઉપયોગ કરાતા ભારે રાજકીય ઘમસાણ શરૂ થઈ ગયું છે. આ મામલે એકતરફ કોંગ્રેસે રાજ્ય સરકાર પર ગંભીર આક્ષેપ કર્યો છે, તો બીજીતરફ આમ આદમી પાર્ટી ભાજપને બાનમાં લઈ રહી છે. આ સમગ્ર મામલા વચ્ચે પંજાબ સરકાર બેકફૂટ આવી જતાં, છેવટે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે સ્પષ્ટતા કરવી પડી છે. શંભૂ બોર્ડર પરથી ખેડૂતોને હટાવવા મુદ્દે આમ આદમી પાર્ટીએ કહ્યું કે, 'બોર્ડર પર ખેડૂતો દ્વારા થઈ રહેલા વિરોધ-પ્રદર્શનને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે, જેના કારણે શંભૂ અને ખનૌરી બોર્ડર બંધ છે. આંદોલન તેમજ બોર્ડર બંધ હોવાના કારણે અનેક વેપારીઓ, યુવાઓ પરેશાન થયા છે, તેથી સરકાર દ્વારા ખેડૂતોને હટાવવામાં આવ્યા છે. AAPના રાજ્યસભા સાંસદ સંજય સિંહે સમાચાર એજન્સી પીટીઆઈને કહ્યું કે, 'તમામ સ્થિતિ બગાડવા પાછળ કેન્દ્ર સરકાર જવાબદાર છે. આખો દેશ જાણે છે કે, જ્યારે કેન્દ્ર સરકાર ત્રણ કાળો કાયદો લાવી હતી, ત્યારે અમે લોકોએ વિરોધ કર્યો હતો. એટલું જ નહીં મને તો ખેડૂતો મુદ્દે રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરાયો હતો. મને ખેંચીને બહાર કાઢવામાં આવ્યો હતો. ખેડૂતોનો મુદ્દો MSP છે, જો કેન્દ્ર સરકાર ઈચ્છે તો એક કલાકની અંતર તેનો નિવેડો લાવી શકે છે. આ મુદ્દાના કારણે ખેડૂતોએ અનેક મહિનાઓ સુધી રસ્તા રોકીને રાખ્યા હતા, તેમના જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી, જે યોગ્ય બાબત નથી. અમે લોકોએ ખેડૂતોને સાથ આપ્યો.

હવે BCCI આપશે રોકડ ઈનામ

# ICC ચેમ્પિયન્સ ટ્રોફી વિજેતા ભારતીય ટીમ બની માલામાલ

### BCCIએ ૫૮ કરોડ રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી : ઇનામ ખેલાડીઓ-સપોર્ટ સ્ટાફમાં વહેંચાશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

દુબઈમાં આ મહિનાની શરૂઆતમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર ભારતીય ક્રિકેટ ટીમ માટે BCCIએ રોકડ ઈનામની જાહેરાત કરી હતી. રોહિત શર્માની આગેવાની હેઠળની ભારતે ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને ચાર વિકેટથી હરાવીને ત્રીજીવાર ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. આ ઈનામી રકમમાં ખેલાડીઓ, કોચિંગ અને સહાયક સ્ટાફ અને અજીત અગરકરની આગેવાની હેઠળની પુરુષોની પસંદગી સમિતિના સભ્યોનો સમાવેશ થશે. BCCIએ ટીમ ઈન્ડિયાની જીત માટે ૫૮ કરોડ



રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી છે. આ ઈનામ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફમાં વહેંચવામાં આવશે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત એક પણ મેચ હાર્યું નથી. પહેલા બાંગ્લાદેશને હરાવ્યું, પછી પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડને હરાવ્યું. સેમીફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યા બાદ તેણે ફાઈનલમાં ફરીથી ન્યુઝીલેન્ડને હરાવીને ટાઈટલ જીત્યું હતું. કેપ્ટન રોહિત શર્માએ બે ICC ટ્રોફી જીતી છે. BCCI અધ્યક્ષ રોજર બિન્નીએ કહ્યું કે, સતત ICC ટાઈટલ જીતવું ખાસ છે અને આ એવોર્ડ વૈશ્વિક મંચ પર ટીમ ઈન્ડિયાના સમર્પણ અને શ્રેષ્ઠતાને માન્યતા આપે છે. રોકડ પુરસ્કાર એ પડદા પાછળ દરેક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી મહેનતની માન્યતા છે. ICC અંડર-૧૯ મહિલા વર્લ્ડ કપ જીત્યા પછી ૨૦૨૫માં આ અમારી બીજી ICC ટ્રોફી પણ હતી અને આપણા દેશમાં જે મજબૂત ક્રિકેટ ઈકોસિસ્ટમ છે તેને રેખાંકિત કરે છે.

પત્ની ગાઝાની, ટ્રમ્પ સરકારની મોટી કાર્યવાહી

# ભારતીય વિદ્યાર્થી પર હમાસ સાથે કનેક્શન છે તેનો આરોપ

### હોમલેન્ડ સિક્યુરિટી વિભાગે આરોપ લગાવ્યો છે કે બદર ખાન સૂરીના પેલેસ્ટાઈન સમૂહ હમાસ સાથે સંબંધ છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકી સરકાર હમાસ સાથે સંબંધના આરોપ સર ભારતીય વિદ્યાર્થી વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવા જઈ રહી છે. એવા અહેવાલ છે કે બદર ખાન સૂરી નામના આ ભારતીય વિદ્યાર્થીને ડિપોર્ટ કરવામાં આવી શકે છે. ટ્રમ્પ સરકારે સૂરીને અમેરિકાની વિદેશ નીતિ માટે નુકસાનકારક ગણાવ્યો છે. ખાસ વાત એ છે કે તેમની પત્ની ગાઝાથી છે અને તેને અમેરિકી નાગરિકતા મળેલી છે. આ ઘટનાક્રમ એવા સમયે થયો છે કે જ્યારે ટ્રમ્પ ઈઝરાયેલ વિરુદ્ધ પેલેસ્ટાઈન સમર્થન રેલીમાં સામેલ થયેલા વિદેશીઓને



ડિપોર્ટ કરવા માંગે છે. અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગે આરોપ લગાવ્યો છે કે બદર ખાન સૂરીના પેલેસ્ટાઈન સમૂહ હમાસ સાથે સંબંધ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ આ સાથે એમ પણ કહ્યું કે તે સોશિયલ મીડિયા પર હમાસનો પ્રોપેગેન્ડા ફેલાવતો હતો. સમાચાર એજન્સી રોયટર્સના રિપોર્ટ મુજબ ફોક્સ ન્યૂઝને આપેલા નિવેદનમાં DHSએ કોઈ પુરાવા આપ્યા નથી. તેમાં કહેવાયું છે કે વિદેશમંત્રી માર્કો રૂબિયોએ નક્કી કર્યું છે કે સૂરીને ગતિવિધિઓના કારણે તેમને ડિપોર્ટ કરવામાં આવી શકે છે. સૂરી વોશિંગ્ટન સ્થિત જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. તે અમેરિકામાં સ્ટુડન્ટ વિઝા પર છે અને તેમણે મફીઝી સાલેહ સાથે લગ્ન કર્યા છે. તે ગાઝાથી છે અને તેને અમેરિકી નાગરિકતા મળેલી છે. સૂરી જ્યોર્જ ટાઉનના અલવલીદ બિન તલાલા સેન્ટર ફોર મુસ્લિમ-ક્રિશ્ચયન અંડરસ્ટેન્ડિંગથી PhD કરે છે.




નવી દિલ્હીમાં કેન્દ્રીય રાજ્યમંત્રી જિતિન પ્રસાદે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને "પીલીભીત રોઅર્સ" પુસ્તક ભેટમાં આપી.

હાય રે લાચારી! દીકરો ગુમ થયો, વહુનું મૃત્યુ થયું

# ભિખ માંગી જીવન જીવતી દાદીએ ૨૦૦ રૂપિયામાં પૌત્રને વેચી દીધો

। (એજન્સી) મયૂરભંજ, તા.૨૦ ।

ઓડિશાના મયૂરભંજ જિલ્લાના મોરડા બ્લોકના બલદિયા ગામના રહેવાસી એક ૬૫ વર્ષિય વિધવા મંદ સોરેન પાસે ન તો ઘર છે, ન જમીન, ન કોઈ સરકારી મદદ. તેમના પતિનું નિધન પહેલા જ થઈ ચુક્યું હતું. તેમનો દીકરો પણ ક્યાંક જતો રહ્યો અને વહુનું મૃત્યુ થઈ ગયું છે. ત્યારે આવા સમયે મંદ સોરેન પોતાના ૭ વર્ષના પૌત્રને લઈને રાસગોવિંદપુર બ્લોકના રાયપાલ ગામમાં પોતાની બહેનના ઘરે રહેતા હતા. મંદ સોરેને ભિખ માગીને પોતાના પૌત્રનું લાલન પાલન કરતા હતા, પણ વધતી ઉંમર અને નબળાઈના કારણે તેની યોગ્ય રીતે દેખરેખ રાખી શકતા નહોતા. મજબૂરીમાં તેમણે એક અજાણ્યા વ્યક્તિને ૨૦૦ રુપિયામાં પૌત્ર વેચી દીધો. જેથી સારી રીતે તે રહી શકે, તેને ભરપેટ ભોજન મળે અને સારો ઉછેર થાય. સ્થાનિક પંચાયત સમિતિના સભ્યને આ મામલાની જાણકારી મળી. તેમણે પ્રશાસનને સૂચના આપી.

# ભારતીય સેનાને હવે વર્લ્ડ ક્લાસ સ્વદેશી તોપો મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતીય સેના ટૂંક સમયમાં સ્વદેશી આર્ટિલરી તોપથી સજ્જ થશે. દેશના સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે સરકારે ૭૦૦૦ કરોડ રૂપિયાના કરારને મંજૂરી આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (CCS) એ ગુરુવારે (૨૦મી માર્ચ) સ્થાનિક રીતે ઉત્પાદિત ૩૦૭ આર્ટિલરી ગન અને ટોઈંગ વાહનો માટે ૭,૦૦૦ કરોડ રૂપિયાના કરારને મંજૂરી આપી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર, ATAGS (એડવાન્સ્ડ ટોડ આર્ટિલરી ગન સિસ્ટમ) કરારમાં ૩૨૭ ટોઈંગ



ટ્રકનો પણ સમાવેશ થાય છે, જેનાથી માર્ચના અંત સુધીમાં કરાર પર હસ્તાક્ષર કરવાનો માર્ગ મોકળો થશે. ૧૫૫ મીમી/૫૨-કેલિબર તોપની રેન્જ લગભગ ૪૮ કિમી છે. નવી તોપની ખરીદી ભારતમાં આધુનિકીકરણને પ્રોત્સાહન આપશે અને ભારતીય સેનાની તૈયારીમાં પણ વધારો કરશે. સેનાએ ૨૦૧૭થી ૭૨૦ મિલિયન ડોલર કરાર હેઠળ આવી ૧૦૦ તોપનો સમાવેશ કર્યો છે અને તેમાંથી ઘણીને પર્વતોમાં સંચાલન માટે સક્ષમ બનાવવા માટે અપગ્રેડ કર્યા પછી લદાખ સેક્ટરમાં તહેનાત કરવામાં આવી છે. આ તોપ મૂળ રણ વિસ્તારો માટે ખરીદવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, DRDOએ ૨૦૧૩માં એડવાન્સ્ડ ટોડ આર્ટિલરી ગન સિસ્ટમ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો, જેનો ઉદ્દેશ્ય સેનાની જૂની તોપને આધુનિક 155mm આર્ટિલરી ગન સિસ્ટમથી બદલવાનો હતો. આ તોપના ઉત્પાદન માટે DRDOએ બે ખાનગી કંપનીઓ ભારત ફોર્જ અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ સાથે જોડાણ કર્યું છે.

અમેરિકામાં ૨૨.૮૯ કરોડ, નેપાળમાં ૮૦ લાખ

# 3 વર્ષમાં મોદીના વિદેશ પ્રવાસ થયેલા ખર્ચના આંકડા સંસદમાં રજૂ કરાયા

### કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ભારત સરકાર પાસેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિશે પ્રવાસ પર ખર્ચની જાણકારી માગી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

કોંગ્રેસ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના છેલ્લા ત્રણ વર્ષના વિદેશ પ્રવાસ પર થયેલા ખર્ચ વિશે જવાબો માગ્યા હતા. ખડગેને આશા હતી કે સરકાર નહીં જણાવે અથવા ખર્ચ વધારે હશે, જેને લઈને પ્રહારો કરી શકાશે. જો કે તેમણે રાજ્યસભામાં આ મુદ્દો ઉઠાવ્યો, તો જવાબમાં રાજ્ય મંત્રી પબિત્ર માર્ગરેટે સરકારનું સત્તાવાર વિવરણ રજૂ કર્યું. સરકારના જણાવ્યા અનુસાર, ૨૦૨૨થી ૨૦૨૪ સુધી પીએમ મોદીએ કુલ ૩૮ દેશોની મુલાકાત લીધી. આ દરમ્યાન થયેલા ખર્ચનું વિવરણ સંસદમાં રજૂ કરવામાં આવ્યું. સૌથી ઓછો ખર્ચો નેપાળ યાત્રા પર થયો, જ્યાં ૮૦ લાખ ૧ હજાર ૪૮૩ રૂપિયા ખર્ચ થયા. તો વળી સૌથી મોંઘો પ્રવાસ અમેરિકાનો રહ્યો. જ્યાં ૨૦૨૩માં ૨૨ કરોડ ૮૯ લાખ ૬૮ હજાર ૫૦૯ રૂપિયા ખર્ચ આવ્યો. વિદેશ રાજ્ય મંત્રીએ જવાબમાં એવું પણ જણાવ્યું કે, આ પહેલી વાર નથી, જ્યારે કોઈ પ્રધાનમંત્રીના વિદેશ પ્રવાસ પર મોટો ખર્ચ થયો હોય. તેમણે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહના પ્રવાસનું પણ ઉદાહરણ આપ્યું. તેમના જણાવ્યા અનુસાર, ૨૦૧૧માં અમેરિકા યાત્રા પર ૧૦ કરોડ ૭૪ લાખ ૨૭ હજાર ૩૬૩ રૂપિયા ખર્ચ થયો હતો. ૨૦૧૩માં રશિયા યાત્રાનો ખર્ચ ૯ કરોડ ૯૫ લાખ ૭૬ હજાર ૮૯૦ રૂપિયા હતો.

રજીસ્ટ્રેશન કેન્દ્રો યાત્રાના પ્રથમ ૧૫ દિવસ ૨૪ કલાક ખુલ્લા રહેશે

# ચારધામ યાત્રા ૨૦૨૫ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ

### આ ચારધામની યાત્રા 30મી એપ્રિલે ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા ખોલવાની સાથે શરૂ થશે

। (એજન્સી) દહેરાદુન, તા.૨૦ ।

ચારધામ યાત્રા માટેનું આધાર કાર્ડ આધારિત ઓનલાઈન રજીસ્ટ્રેશન આજથી શરૂ થઈ ગયું છે. આ યાત્રા ૩૦ એપ્રિલે ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા ખોલવાની સાથે શરૂ થશે. કેદારનાથના કપાટ ૨ મે અને બદ્રીનાથ ધામના કપાટ ૪ મેના રોજ ખોલવામાં આવશે. મળતી માહિતી મુજબ, આ વખતે ચારધામ યાત્રા માટે માત્ર ૬૦% રજીસ્ટ્રેશન ઓનલાઈન થશે, જ્યારે ૪૦% રજીસ્ટ્રેશન ઓફલાઈન હશે. ચારધામ યાત્રા નિકળતા શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની સમસ્યા ન થાય તે માટે રજીસ્ટ્રેશન કેન્દ્રો યાત્રાના પ્રથમ ૧૫ દિવસ ૨૪ કલાક ખુલ્લા રહેશે. આ સાથે, વિભાગ હરિદ્વાર અને ઋષિકેશ સહિતના પ્રવાસ માર્ગો પર રજીસ્ટ્રેશન કેન્દ્રોની સંખ્યામાં પણ વધારો કરશે. ચારધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવવા માટે ભક્તોએ સત્તાવાર વેબસાઈટ https://registraionandtouristcare.uk.gov.in/ ની મુલાકાત લેવી પડશે. હેલી સેવા માટેની ટિકિટ



heliyatra.irctc.co.in પરથી બુક કરી શકાય છે. ચારધામ યાત્રા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે પહેલા સત્તાવાર વેબસાઈટ પર જાઓ. તેમાં રજીસ્ટર અથવા લોગિન (નોંધણી) પર ક્લિક કરો. હવે મોબાઈલ નંબરની મદદથી લોગીન કરો. આ પછી, નામ, રાજ્ય અને આધાર કાર્ડની વિગતો જેવી બધી જરૂરી માહિતી ભરીને રજીસ્ટ્રેશન પૂર્ણ કરો. ગયા વર્ષે, યાત્રા દરમિયાન, મસૂરી કેમ્પ્ટી રોડ પર પ્રવાસી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવો પડ્યો હતો. આ ઉપરાંત ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં મોટી સંખ્યામાં વાહનો આવતાં અરાજકતા સર્જાઈ હતી. જેના કારણે મુસાફરોને ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો.

૧૨ ટાંકા લગાવ્યા બાદ હાલત બગડી

# પેટમાં દુઃખાવો થયો, ઈન્ટરનેટ જોઈને યુવકે જાતે પોતાનું ઓપરેશન શરૂ કર્યું

### જ્યારે દુખાવો તીવ્ર બન્યો અને લોહી નીકળવાનું બંધ ન થયું ત્યારે પરિવારજનો તેને હોસ્પિટલ લઈ ગયા હતા

। (એજન્સી) મથુરા, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના મથુરામાં પેટના દુખાવાથી પીડિત યુવકે પોતાનું ઓપરેશન શરૂ કર્યું. તેણે ઈન્ટરનેટ પર ઓપરેશન કેવી રીતે કરવું તે જોયું. મેડિકલ સ્ટોરમાંથી નમ્બિંગ ઈન્જેક્શન (એનેસ્થેસિયા) ખરીદ્યું. રૂમમાં આવ્યા પછી, જાતે પોતાને ઈન્જેક્શન આપ્યું. પછી પેટના આંતરડામાં એક ચીરો કરવામાં આવ્યો. જે બાદ તેણે ટાંકા લેવાનું શરૂ કર્યું. તેને ૧૨ ટાંકા આવ્યા હોવાથી તેની તબિયત બગડવા લાગી હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. ડોક્ટરોએ તેમને આગ્રા રેફર કર્યા છે. હાલ યુવકની હાલત નાજુક છે. મામલો સુનરખ ગામનો છે. અહીં રહેતા ૩૨ વર્ષીય રાજાબાબુને પેટમાં દુખાવો થતો હતો. પેટના દુખાવાથી રાહત મેળવવા માટે રાજાબાબુએ બુધવારે બપોરે ઘરના એક રૂમમાં ઓપરેશનનો પ્રયાસ કર્યો હતો. પેટને સુન્ન કરવા માટે એક ઈન્જેક્શન આપવામાં આવ્યું અને તેણે પેટના નીચેના ભાગમાં સીધો હાથની



બાજુમાં સાત ઈંચ લાંબો ચીરો કર્યો. આ દરમિયાન સર્જિકલ બ્લેડ પેટની અંદર ખૂબ જ ઊંડે જવાને કારણે તકલીફ વધી અને લોહી નીકળવા લાગ્યું, તેથી તેણે જાતે જ ટાંકા લગાવ્યા પછી પણ જ્યારે પેટમાં દુખાવો ઓછો થયો નહીં અને લોહી નીકળવાનું બંધ ન થયું તો તે બીજા રૂમમાં હાજર પરિવારના સભ્યો પાસે પહોંચ્યો. તેની હાલત જોઈ પરિવાર ડરી ગયો અને તેને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયા. ત્યાં જ્યારે ડોક્ટરોએ તેની હાલત જોઈ અને સમગ્ર ઘટના સાંભળી તો તેઓના પણ હોશ ઉડી ગયા. ત્યારબાદ ડોક્ટરોએ પ્રાથમિક સારવાર બાદ તેને આગરા એસએન મેડિકલ કોલેજમાં મોકલી આપ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે પેટમાં દુખાવાના કારણે પોતે ઓપરેશન કરાવનાર રાજાબાબુએ ઈન્ટરનેટથી ઓપરેશન અને તેમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓની માહિતી એકત્ર કરી હતી. તેણે મથુરાના માર્કેટમાંથી સર્જિકલ બ્લેડ, સ્ટીચિંગ મટિરિયલ, નમ્બિંગ ઈન્જેક્શન વગેરે ખરીદ્યા હતા અને જાતે ઓપરેશન કરવાનો પ્રયાસ કર્યો હતો. રાજાબાબુના ભત્રીજા રાહુલે જણાવ્યું કે ઘણા વર્ષો પહેલા રાજાબાબુનું એપેન્ડિક્સનું ઓપરેશન થયું હતું. તે પછી પણ તે પેટમાં દુખાવાની ફરિયાદ કરતો રહ્યો. અલ્ટ્રાસાઉન્ડ કરાવ્યું હતું. આ પછી દર્દથી પરેશાન રાજાબાબુએ જાતે ઓપરેશન કરીને ઉકેલ મેળવવાનો પ્રયાસ કર્યો. જ્યારે તકલીફ વધી તો તેણે તેના પરિવારને જાણ કરી અને તેને હોસ્પિટલ લઈ ગયા. વૃંદાવન જોઈન્ટ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગના ઈન્ચાર્જ ડૉ. શશિ રંજને જણાવ્યું કે, રાજાબાબુ નામના યુવકને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

ISROના ગગનયાન અને ડ્રોન ગુપ્ત માહિતી મોકલી

# પાકિસ્તાની મહિલાના જાળમાં ફસાયો એક ભારતીય યુવક

### પાકિસ્તાની મહિલાએ FB પર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી

। (એજન્સી) ફિરોજાબાદ, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના ફિરોજાબાદના હજરપુર ગામમાં આવેલી ઓર્ડનન્સ ફેક્ટરીમાં ચાર્જમેનનું કામ કરતો યુવક પાકિસ્તાની મહિલાના હનીટ્રેપમાં ફસાયો છે, જેના કારણે તેણે ISROના ગગનયાનની ગુપ્ત માહિતી તે મહિલાને આપી દીધી હોવાની વિગતો સામે આવી છે. માહિતી મુજબ ગુપ્ત માહિતી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI પાસે પહોંચી ગઈ છે. એટલું જ નહીં દેશદ્રોહની આશંકા હેઠળ રવિન્દ્ર કુમાર સૂરી નામની વ્યક્તિની ધરપકડ કરવામાં આવ્યા બાદ એટીએસે પૂછપરછ કરતા તેણે અનેક ચોંકવનારા ખુલાસા કર્યા છે. વાસ્તવમાં પાકિસ્તાનની મહિલાએ ફેસબુક પર રવિન્દ્રને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હનીટ્રેપમાં ફસાવ્યો હતો. બાદમાં યુવકે ISROના ગગનયાનની ગુપ્ત માહિતી મહિલાને મોકલી દીધી હોવાની માહિતી સામે આવી છે. રવિન્દ્ર યુપીના આગરામાં રહે છે અને તે ઓર્ડનન્સ ફેક્ટરીમાં કામ કરે છે.

**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

ઇ-ટેન્ડર સૂચના નંબર 42 વર્ષ 2024-2025 તારીખ: 19/03/2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-RJT-2024-25-E-85 | 2,24,52,012.85 | 2,62,300.00 |
| | રાજકોટ વિભાગ: વવાણીયા - ગુડ્સ શેડ ખાતે માળખાગત સુવિધાઓનું અપગ્રેડેશન. | | |
| 2 | DRM-RJT-2024-25-E-64R | 88,80,844.81 | 1,77,600.00 |
| | રાજકોટ વિભાગ: કોઠી કમ્પાઉન્ડ રેલ્વે કોલોની રાજકોટ ખાતે દરવાજા, બારીઓ, શૌચાલય અને બંને પ્રકાર-V માં સુધારો | | |

ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 11/04/2025 ના 15:00 કલાકે ઓફિસ સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત 360001વેબસાઇટ : www.ireps.gov.in

184

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તંત્રી લેખ...

# કોંગ્રેસ હાલ તૃણમુલ કોંગ્રેસ સાથે હાથ મિલાવવા તૈયાર નથી

કોંગ્રેસના હાઈકમાન્ડે પશ્ચિમ બંગાળમાં આગામી વર્ષે યોજાનારી ચૂંટણી એકલા હાથે લડવાનો સંકેત આપ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના નેતૃત્વ હેઠળ યોજાયેલી બેઠકમાં કોંગ્રેસ હાલ તૃણમુલ કોંગ્રેસ સાથે કોઈપણ પ્રકારનું ગઠબંધન કરવાના મૂડમાં ન હોવાનું જાણવા મળ્યું છે. તેમજ તેમાં પ્રદેશ કોંગ્રેસને મજબૂત બનાવવા પર ભાર મૂકાયો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના નેતૃત્વ હેઠળ યોજાયેલી બેઠકમાં લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધી પણ સામેલ રહ્યા હતા. આ બેઠકમાં પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસને મજબૂત બનાવવા તેમજ ભાજપ વિરુદ્ધ લડાઈને પ્રાથમિકતા આપવા પર ફોકસ કરવામાં આવ્યું હતું. વધુમાં રાજ્યમાં પક્ષને નબળો પાડનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવાની પણ તૈયારી દર્શાવી હતી. રાહુલ ગાંધીએ આ બેઠક બાદ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે, 'આજે અમે ઈન્દિરા ભવનમાં પશ્ચિમ બંગાળના કોંગ્રેસ પ્રભારી અને નેતાઓ સાથે મહત્ત્વની બેઠક કરી હતી. ચર્ચાનું મુખ્ય ફોકસ પક્ષને પાયાના સ્તરે મજબૂત બનાવવું અને લોકોના અધિકારો માટે લડત ચલાવવાનું રહ્યું હતું. કોંગ્રેસ બંગાળની મહત્ત્વાકાંક્ષાઓને અવાજ આપવા સંઘર્ષ કરશે. નિર્ભય, પ્રમાણિક અને અડગ.' કોંગ્રેસ હાઈકમાન્ડે પશ્ચિમ બંગાળમાં એકલા હાથે કામ કરવાનો નિર્ણય એવા સમયે લીધો છે, જ્યારે કોંગ્રેસ અને તૃણમુલ કોંગ્રેસના સંબંધોમાં કડવાશ ફેલાઈ હોવાના અહેવાલો આવ્યા હતાં. અગાઉ અફવા આવી હતી કે, અધીર રંજન ચૌધરીને પશ્ચિમ બંગાળ યુનિટના પ્રમુખ પદ પરથી દૂર કર્યા બાદ કોંગ્રેસ પક્ષ તૃણમુલ કોંગ્રેસ (TMC) સાથે ગઠબંધન કરવા જઈ રહ્યો છે. જો કે, કોંગ્રેસ હાઈકમાન્ડના આજના નિવેદને આ અફવાઓનું ખંડન કર્યું છે.

# ડો. જિતેન્દ્ર સિંહ, બિલ ગેટ્સે બાયોટેક સહયોગ, ભારતના નવીનતા પ્રોત્સાહનમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકા અંગે ચર્ચા કરી





ટેકનોલોજી સંચાલિત સહયોગને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક અને પરોપકારી બિલ ગેટ્સ, જે હાલમાં ભારતની મુલાકાતે છે, તેમણે કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહની મુલાકાત લીધી હતી અને ભારતના ઈનોવેશનમાં વેગ અને બાયોમેન્યુફેક્ચરિંગ વૃદ્ધિમાં ખાનગી ક્ષેત્ર અને સ્ટાર્ટઅપની ભાગીદારીનો વિસ્તાર કરવા વિસ્તૃત ચર્ચા કરી હતી. બંને પક્ષના પ્રતિનિધિમંડળોની સહાયથી યોજાયેલી આ બેઠકમાં જનીન ચિકિત્સા, રસી નવીનીકરણ, બાયોટેકનોલોજી ઉત્પાદન અને ભારતની વિકસી રહેલી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં પ્રગતિને આવરી લેવામાં આવી હતી. ડૉ. જિતેન્દ્ર સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતમાં બાયોટેક નવીનતાઓમાં ઉછાળો જોવા મળ્યો છે, જેને બાયો ઈ૩ - અર્થતંત્ર, રોજગાર અને પર્યાવરણ માટે બાયોટેકનોલોજી જેવી નીતિઓ દ્વારા સમર્થન મળ્યું છે. તેમણે ભારતની જૈવ-ક્રાંતિને આગળ ધપાવવામાં ખાનગી ખેલાડીઓ અને સ્ટાર્ટઅપ્સની વધતી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. જેમાં બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ (બીઆઈઆરએસી) જેવી માળખાગત વ્યવસ્થાઓ સહયોગને પ્રોત્સાહન આપે છે. બિલ ગેટ્સે ભારતની બાયોટેક પ્રગતિની પ્રશંસા કરી હતી. તેમજ રસી વિકાસમાં તેના નેતૃત્વને સ્વીકાર્યું હતું, જેમાં એચપીવી અને કોવિડ -૧૯ રસીઓ તરફ દોરી ગયેલી ભાગીદારીનો પણ સમાવેશ થાય છે. તેમણે ટ્યુબરક્યુલોસિસ અને મેલેરિયા જેવા રોગોનો સામનો કરવા માટે ભારતના પ્રયાસોને ટેકો આપવા માટે પણ રસ દાખવ્યો હતો અને જણાવ્યું હતું કે, ભારતની સંશોધન પ્રણાલી વૈશ્વિક સ્વાસ્થ્ય પ્રગતિ માટે પુષ્કળ તકો પ્રસ્તુત કરે છે. ચર્ચાનો મુખ્ય વિષય હતો ભારતની બાયોટેક્નોલૉજી સ્ટાર્ટઅપમાં તેજી. કારણ કે આ ક્ષેત્રમાં અત્યારે ૧૦૦૦૦થી વધારે સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. ડો. જિતેન્દ્રસિંહે ધ્યાન દોર્યું હતું કે તેમાંથી ૭૦% તબીબી અને આરોગ્ય બાયોટેક પર કેન્દ્રિત છે. જ્યારે બાકીના કૃષિ, પર્યાવરણ અને ઔદ્યોગિક બાયોટેકનોલોજીમાં ફાળો આપે છે. તેમણે આ નવીનતાઓને વધારવાની સરકારની કટિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. જેમાં ભંડોળમાં વધારો થયો હતો અને ઝડપી વ્યાપારીકરણને સક્ષમ બનાવવાનાં ઉદ્દેશ સાથે નીતિગત પગલાં લેવામાં આવ્યાં હતાં. ગેટ્સ અને ડૉ. જિતેન્દ્ર સિંહે ગિફ્ટ સિટી મારફતે ભારતીય બાયોટેક સ્ટાર્ટઅપ્સમાં પ્રત્યક્ષ રોકાણની તકો પણ શોધી હતી. જે વૈશ્વિક રોકાણને સરળ બનાવવા માટે રચાયેલ નાણાકીય કેન્દ્ર છે. ગેટ્સે નોંધ્યું હતું કે, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન મુખ્યત્વે પરોપકારી ક્ષેત્રમાં કામ કરે છે. પરંતુ નવા નાણાકીય માળખાનો લાભ લેવાથી આશાસ્પદ ભારતીય સ્ટાર્ટઅપ્સમાં સીધું રોકાણ કરી શકાય છે. ભારત તેની બાયોટેક્નોલૉજી વૃદ્ધિને વેગ આપી રહ્યું છે. ત્યારે ડૉ. જિતેન્દ્રસિંગે આ ક્ષેત્ર સતત વિકસતું રહે તે સુનિશ્ચિત કરવા જાહેર-ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા પર સરકારનું ધ્યાન કેન્દ્રિત કરવાની પુષ્ટિ કરી હતી. સંશોધન અને વિકાસના વધતા ભંડોળ અને આંતરરાષ્ટ્રીય સહયોગને કારણે ભારત જૈવ પ્રૌદ્યોગિકી નવીનીકરણ માટે વૈશ્વિક કેન્દ્ર બનવા માટે સજ્જ છે.

ભગવાન જગતગુરુ શંકરાચાર્યનાં સાધન પંચકર્મ અંતર્ગત આપણે બે સૂત્ર વિશે ચિંતનમાં વાત પણ કરી

# જગતગુરુ શંકરાચાર્યનાં સાધન પંચકર્મનું ત્રીજું સૂત્ર "બુધજનૈર્વાદ પરિત્યજ્યતામ'' શું કહે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આમ તો દરેક યુગમાં જેમ અવતાર ચરિત્ર જન્મ્યું હતું, એ રીતે સંત અને સાધુ કે બુદ્ધ પુરુષનો જન્મ, આ ચરિત્રની મહત્વતા સમજાવવા માટે થયો હતો, આપણી પાસે તો અત્યારે એવા કેટલાય બુદ્ધને શુદ્ધ સંસારી પુરુષો છે, જેના જીવનની યાત્રા પરથી આપણે આપણા જીવનનાં મુકામે સરખાવી, અને પ્રમાણમાં સમ રહેવા કોશિષ કરી શકીએ, અથવા નરસિંહ જેવા પરમ વૈષ્ણવનું જીવન તો કેટલું કઠિન રહ્યું છે!**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય અદભુત છે! કારણકે એ લોકો એને જાળવી રાખ્યું છે! જ્યારે આપણે એ તરફ બહુ ધ્યાન આપ્યું નથી! ખેર પ્રકૃતિને નીરખતા ઘણીવાર એવું લાગે કે ઈશ્વર ગજબનો ચિત્રકાર છે! અને મેળવણીનાં રંગોની છાપ તારી જેટલી કદાચ માનવથી શક્ય પણ નથી, પરંતુ પ્રાકૃતિક દ્રશ્યની સુંદરતા દરેક જણ માણી શકે નહીં, ખેર આપણે મૂળ વિષય વસ્તુ તરફ પાછા ફરીએ, નહીં તો આ પ્રકૃતિ તો આપણને ભાન ભુલાવી દે. એટલે કે કોઈમાંથી કંઈક પ્રેરણા મેળવીને જીવન જીવવુ હોય તો, પ્રકૃતિથી ઉત્તમ કોઈ નથી. એનું નિરીક્ષણ કરવાથી કાયમ હકારાત્મક ભાવ મળે છે, અને એટલી એ પ્રસન્નતાથી હરક્ષણ ભરપૂર દેખાય છે. પછી તે સુંદર સવાર હોય,તપતી મધ્યાહન હોય, કે કેસરી ખીલેલી સંધ્યા હોય, કે શીતળ રાત્રી હોય, દરેક વખતે કંઈ ને કંઈ તે અન્યને આપવા માટે થનગની રહી હોય, એવું જ આપણને લાગે. સત્ય તરફનું વલણ આપનારને ગજબ બળ આપે છે. ભગવાન જગતગુરુ શંકરાચાર્યનાં સાધન પંચકર્મ અંતર્ગત આપણે બે સૂત્ર વિશે ચિંતનમાં વાત પણ કરી. આજે આપણે ત્રીજા સૂત્ર એટલે કે બુધજનૈર્વાદ પરિત્યજ્યતામ વિશે વાત કરીશું. આ સૂત્રનો સીધોસાદો અર્થ કરીએ તો આપણાથી જે વડીલ છે, અનુભવી છે, જેણે જીવનમાં વિશિષ્ઠ કામ કર્યું છે, જેણે વૃત્તિમાં વૈરાગ ભાવ ઉત્પન્ન કર્યો છે, અને ખાસ કરીને તો જેને કોઈ સાથે વેર નથી, એવા ઘરનાં કે સમાજનાં સંસારી બુદ્ધ પુરુષનાં ચરણોમાં બેસીને જીવન વિશેની સાચી સમજ મેળવવી, તેમજ તેની કોઈ પણ વાતનો વિરોધ કરવો નહીં, તેના વચન અને આચરણ પ્રમાણેનું જીવન જીવીએ, તો આપણે પણ એ અંતિમ શિખર સુધીની યાત્રા કરી શકીએ. અંતિમ શિખર એટલે કે સચ્ચિદાનંદ સ્વરૂપ પરમ તત્વનુ આપણા આત્માની અંદર જ હોવું, એ પ્રતીતિ થવી, અને જેને બ્રહ્મનો સાક્ષાત્કાર કહેવામાં આવે છે, એ ઘડી જીવતેજીવ પામવી. બોલવામાં કેટલું સરળ લાગે છે!! અને લખવામાં પણ સરળ લાગે છે. પણ સાચાં અર્થમાં વડીલ એટલી સરળતાથી મળતા નથી. વડીલ કોને કહીશું? વડીલની ઘણા વર્ષો પહેલાં એક વ્યાખ્યા મેં કરી હતી, જે ડીલ એટલે કાયાથી નહીં, પરંતુ પોતાની શુદ્ધ વાણી વિચાર અને વ્યવહારમાં પૂર્ણ વૈરાગ્ય સ્થાપીને જીવે તેને જ વડીલ કહેવાય. બાકી ઉંમરની અવસ્થા તો દરેકમાં ક્રમ અનુસાર આવે છે. દરેક ઉમર કે અવસ્થાની એક બૌદ્ધિક કક્ષા હોય છે, અને એ અવસ્થા મુજબ કંઈક મેળવવાની ઝંખના પણ તેની સાથે જોડાયેલી હોય છે. એટલે કે બાળપણમાં નિર્દોષ મસ્તી માટે જીવન જીવાતું હોય છે, યુવાનીમા પ્રેમને



નામે કંઈક પામવા માટે જીવાતું હોય છે, જ્યારે વયસ્ક મોટેભાગે વ્યવહારો નિભાવવા જીવતા જોવા મળે છે. વૃદ્ધાવસ્થા એ એવી અવસ્થા છે કે, જેમાં મુખ્યત્વે આજ સુધી કર્તવ્ય કર્મને નામે ઈશ્વર અનુસંધાન થઈ શકયું ન હોવાથી, આ બધી જ પળોજણો કે પ્રપંચ મૂકીને ઈશ્વર સંન્મુખ થવાનું હોય છે. પરંતુ ખરેખર વૃત્તિમાં વૈરાગ્ય આવ્યો હોય કે, હા આપણે બહુ ખાઈ પી લીધું, પહેરી ઓઢી લીધું, બહુ ફરી લીધું, અને બહુ બધું કરી લીધું, હવે તો આ એક જ કરવાનું બાકી રહ્યું છે, અને ધીરે ધીરે મોહ માયા મમતાનાં વલણો છૂટતાં જાય તો, એ અવસ્થા ખરેખર પાકેલ વૃદ્ધ કે વડીલની છે. પરંતુ અમે વધારે અનુભવીએ છીએ, અને દરેક વાતમાં અમને પૂછવું જ જોઈએ, કે પછી આટલો બધો ભોગ આપ્યો છે, તો હવે આ પ્રકારનું જીવન જ હું જીવીશ! એવા કોઈ આગ્રહ હજી પણ હોય તો એ માત્ર વૃદ્ધ છે વડીલ નથી. એટલે કે વિવેકનો અભાવ હોય, અનુભવ ઘણાં હોય, અને એ રીતે કદાચ એ પંડિત પણ હોય, પરંતુ વ્યવહારમાં મધુરતા નહીં, પરંતુ સરમુખત્યારનું વર્તન દાખવનાર હોય, તો પછી ત્યાં આગળ એનુ આચરણ જોઈને બીજા શું શીખે? અને આજકાલના પરિવારોમાં આ વાતે સૌથી વધુ ઘર્ષણ જોવા મળે છે, કારણ કે વૃત્તિમાં વૈરાગ્ય ભાવ આવતો નથી, અને એની માટે ના પણ ઘણા કારણો છે.પરંતુ મુખ્ય કારણ તો જીભ ના બે મુખ્ય કાર્ય છે, એમાં વૈમનસ્ય છે. એટલે કે બોલવા માટે આપણે ઘણું બોલતા હોઈએ છીએ, અને એ રીતે વાણી થકી આપણે અન્યને પ્રભાવિત પણ કરતા હોઈએ, વિદ્વાનની છાપ પણ લોકોમાં અંકિત કરી શકીએ. પરંતુ જીભનું એક બીજું કાર્ય છે, એટલે કે સ્વાદ, એ આપણો છૂટતો નથી, એટલે કે ભોગની વૃત્તિમાં વૈરાગ્ય આવતો નથી, ચલાવી લેવું એ પણ આ ઉંમરની પ્રાથમિકતા છે, પણ સહજતાથી ચલાવી કે સ્વીકારી લેવું એવું થતું નથી. તો જે ખરેખર વડીલ છે, જેણે પોતાના જીવનમાં પોતાના પરિવારનું કર્તવ્ય કર્મ પૂરેપૂરી નિષ્ઠા અને ઈમાનદારીથી નિભાવ્યું હોય, એની માટે કોઈ બેઈમાની કરી ન્હોય, ભ્રષ્ટાચાર કર્યો ન્હોય, આ ઉપરાંત તેણે સમાજ પ્રત્યે પણ પોતાનું કંઈક દાયિત્વ છે, એમ સમજીને વિશિષ્ટ કાર્ય કર્યું હોય, એટલે કે નરસિંહના વૈષ્ણવ જનના પદ મુજબ પીડ પરાઈ જાણીને સાચા વૈષ્ણવ બનીને જીવ્યા હોય. આમ તો દરેક યુગમાં જેમ અવતાર ચરિત્ર જન્મ્યું હતું, એ રીતે સંત અને સાધુ કે બુદ્ધ પુરુષનો જન્મ, આ ચરિત્રની મહત્વતા સમજાવવા માટે થયો હતો. આપણી પાસે તો અત્યારે એવા કેટલાય બુદ્ધને શુદ્ધ સંસારી પુરુષો છે, જેના જીવનની યાત્રા પરથી આપણે આપણા જીવનનાં મુકામે સરખાવી, અને પ્રમાણમાં સમ રહેવા કોશિષ કરી શકીએ, અથવા નરસિંહ જેવા પરમ વૈષ્ણવનું જીવન તો કેટલું કઠિન રહ્યું છે! છતાં પણ તેણે નથી ક્યારેય સમાજનો વિરોધ કર્યો, એ સૂત્ર યાદ રાખી અને જીવન જીવીએ, એટલે કે સૌને સ્વીકારી લેવું, એવી એક વાત મન અને મગજ બંનેમા પ્રસ્થાપિત કરીએ તો જીવનની ગતિ સત્ય તરફ આગળ વધશે. સત્ય સ્ફૂર્તિવંત છે, એટલે કે જીવન પ્રત્યે આપણી અંદર નિત્ય ચૈતન્ય વિકસિત થતું જોવા મળે, તો સમજવું કે આપણે સત્યના માર્ગે ગતિ કરીએ છીએ, અને અંતિમ, સમય હોય, સંજોગ હોય, સંબંધ હોય, સમસ્યા હોય, કે પછી સાધન હોય, તેની વિપરીત પરિસ્થિતિ એ દરેકમાં આપણે સમ રહી શકતા હોઈએ, તો આપણે સત્યના માર્ગે છીએ એવું સાબિત થાય. આદિદેવ જગતગુરુ શંકરાચાર્ય ઘરને જ મંદિર બનાવવામાં માટે આ સાધન પંચકર્મના સૂત્રો આપ્યાં, કે બહાર સાચાં બુદ્ધ પુરુષને પારખી શકાય નહીં, તો ઉલટું જીવન જટિલ બને અને શ્રદ્ધા અંધશ્રદ્ધા બની શકે! પણ દેશકાળ પ્રમાણે ઘણી બધી વ્યાખ્યાઓ બદલાઈ ગઈ છે, અને ખાસ કરીને વૃદ્ધ કે વડીલ શબ્દ બોલીએ તો જહેનમાં એક ચિત્ર આવતું એ હવે જોવા મળતો નથી. એટલે કે વૃદ્ધ કે વડીલ એવું બોલીએ, એટલે માથાના વાળ સફેદ હોય, સીધા સાદા વસ્ત્રો પહેર્યા હોય, અંગ ઉપર કરચલી પડી ગઈ હોય, પરંતુ ભાલ એકદમ તેજસ્વી હોય, તેમજ બોખા બોખા મોઢે બોલતા હોય, તો પરાણે વ્હાલ કરવાનું મન થાય, એવા વડીલો હવે ઓછાં જોવા મળે છે. સુંદર દેખાવું કે યુવાનીને ટકાવી રાખવા માટેના જે કંઈ હત્કંડા થતા હોય, તે કરવા એમાં કંઈ ખોટું નથી. પરંતુ આ વાત વૃત્તિઓમાં વૈરાગ્ય આવવા દેતી નથી, એ મૂળ વાત સમજાઈ જાય તો વડીલ પણું વહેલું સિદ્ધ થાય, અને ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્યના ત્રીજા સૂત્રનો મહિમા સાર્થક કરીને અવસ્થા પ્રમાણે વૃત્તિમાં વૈરાગ આવે. આ સૂત્રને સમજીને સૌ કોઈ પોતાની અવસ્થાના મુકામોનાં સત્યને સહજ રીતે સ્વીકારીને જીવન જીવી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

જીવ દીન થઈ ઈશ્વરના ચરણમાં રહે તો અપમાનની અસર તેના ઉપર નહીં થાય, તેનામાંઅભિમાન હશે તો અસર થશે

# એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ કે યોગી થવાની જરૂર નથી પણ સીધું અને ઉપયોગી થવાની જરૂર



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ધર્મરાજા દ્રોણાચાર્ય સાંભળે તેમ બોલે છે, અશ્વત્થમા હણાયો અને પછી ધીમેથી બોલે છે, નરો વા કુંજરો વા, એટલે કે કાં નર કાં કુંજર! દયાએ ધર્મનું બીજું લક્ષણ છે. તુલસીદાસે કહ્યું છે કે, ઘટમાં પ્રાણ છેત્યાં લગી દયા કર્યા કરવી, પણ દયા વિવેકથી કરો, ત્રીજું લક્ષણ પવિત્રતા, પવિત્રતા રાખવી એ સર્વનો ધર્મ છે, લોકો આજકાલ શરીરને બહુ શુદ્ધ રાખે છે.**

ભય ભૂખ ભ્રષ્ટાચાર મુકત ગુજરાતની વાતો વચ્ચે ગુનાખોરીનો આંક વધતાં રાજયના બાહોશ ગૃહ રાજ્યમંત્રી એ પોલીસ તંત્રને જાગૃત કર્યું છે કે હવે રાજયમાં બૂટલેગરો, ભૂમાફિયાઓ, ભેળસેળિયા, દબાણકર્તાઓ પર ભારે દંડાવાળી અને બુલ્ડોઝરથી કડકાઈ થઈ રહી છે એટલે હવે બસ રામરાજ્ય સ્થપાયું જ સમજો. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ધર્મએ જીવન જીવવાની કળા છે એટલે જ કહયું છે કે મનુષ્યનો સાચો મિત્ર ધર્મ છે.કોઈ પણ સાથ ન આપે ત્યારે ધર્મ સાથ આપે છે. કદાચ પૈસાનો નાશ થતો હોય તો થવા દેજો, પણ ધર્મ ન જાય તે જોજો. નહીં તો ધર્મ ને પૈસો બેય જશે. મનુષ્ય માને છે, સર્વ સુખનું સાધન ધન છે, પણ આ અજ્ઞાન છે. સર્વ સુખનું સાધન ધન નથી પણ આ ધર્મ છે. માનવ સૃષ્ટિનું સંચાલન કરવા ભગવાને જે કાયદા બનાવ્યા તે જ ધર્મ છે. આજના બનાવેલા કાયદામાં ફેરફાર કરવા પડે છે, કારણ કે જેવા કાયદાના બનાવનારા તેવા જ કાયદા.એમાં એકે સ્થિતિ નહીં. હવે નારદજી ધર્મ સમજાવતાં સાધારણ ધર્મ અને વિશિષ્ટ ધર્મની વાત કહે છે. સાધારણ ધર્મ એટલે સર્વનો ધર્મ, સર્વેએ પાળવાનો ધર્મ, મનુષ્ય માત્રનો ધર્મ. નારદજી ધર્મનાં ત્રીસ લક્ષણો ગણાવે છે,તેમાં પહેલું લક્ષણ સત્ય અને છેલ્લું લક્ષણ આત્મ સમર્પણ. સત્ય એ ઈશ્વરનું સ્વરૂપ છે. સત્ય એ સાધન છે. સત્ય દ્વારા સત્યનારાયણમાં લીન થવાનું છે.સત્યમાં દૃઢ શ્રદ્ધા રાખો. મહાભારતમાં સત્યની વ્યાખ્યા એવી કરેલી છે કે, સર્વનું કલ્યાણ થાય એવું વિવેકથી બોલવું એ સત્ય છે. શ્રીકૃષ્ણ અસત્ય બોલે તે સત્ય છે. દ્રોણાચાર્યના મૃત્યુ પ્રસંગે શ્રીકૃષ્ણ અસત્ય બોલ્યા છે. અશ્વત્થામા નામનો હાથી મર્યો તે વખતે યુક્તિ થી કહે છેકે, અશ્વ ત્થામા માર્યો છે. દ્રોણાચણ ધર્મ રાજાને પૂછે છે.શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર ને કહે છે કે, અશ્વત્થામા હણાયો એમ કહો.સર્વના કલ્યાણની દ્રષ્ટિએ વિવેકથી બોલવું તે સત્યએ વ્યાખ્યા પ્રમાણે શ્રીકૃષ્ણ આ કહે છે. પાંડવો જીતે એટલે પાંડવોનું કલ્યાણ. દુર્યોધન મરે એટલે એનું યે કલ્યાણ,પણ એમાં દ્રોણનું કલ્યાણ કેવી રીતે!સર્વના કલ્યાણ માં દ્રોણનું પણ કલ્યાણ જોઈએ ને? દ્રોણાચાર્ય વેદસંપન્ન બ્રાહ્મણ છે.બ્રાહ્મણને યુદ્ધ કરવા અધિકાર નથી. કદાચ યુદ્ધ કરે તો ધર્મનું રક્ષણ કરવા માટે જ કરે, પણ દ્રોણાચાર્ય બ્રાહ્મણ હોવા છતાં અધર્મનું યુદ્ધ કરે છે. તેથી દ્રોણાચાર્યને પાપ કરતાઅટકાવવા અને એ રીતે દ્રોણાચાર્યનું પણ કલ્યાણ કરવા શ્રીકૃષ્ણે આ પ્રમાણે આજ્ઞા કરી છે. ધર્મરાજા દ્રોણાચાર્ય સાંભળે તેમ બોલે છે, અશ્વત્થમા



હણાયો અને પછી ધીમેથી બોલે છે, નરો વા કુંજરો વા, એટલે કે કાં નર કાં કુંજર! દયાએ ધર્મનું બીજું લક્ષણ છે. તુલસીદાસે કહ્યું છે કે, ઘટમાં પ્રાણ છેત્યાં લગી દયા કર્યા કરવી, પણ દયા વિવેકથી કરો. ત્રીજું લક્ષણ પવિત્રતા. પવિત્રતા રાખવી એ સર્વનો ધર્મ છે. લોકો આજકાલ શરીરને બહુ શુદ્ધ રાખે છે પણ મનને કોઈ શુદ્ધ રાખતા નથી.મનશુદ્ધિ-ચિત્તશુદ્ધિ જરૂરની છે. શરીર કરતાં મનથી પાપ વધારે થાય છે. તન-મન શુદ્ધ રાખો. પછી આવે તપશ્ચર્યા. વાણી, વર્તન અને વિચારને શુદ્ધ રાખો. તપશ્ચર્યા છે પછી તિતિક્ષા. તિતિક્ષા રાખવી એ સર્વનો ધર્મ છે. ભગવદ્ કૃપાથી જે સુખ દુઃખ આવેતે સહન કરજો શત્રુ પ્રત્યે પણ સદભાવ રાખજો. કોઈ પણ દુઃખમાં ધીરજ ખોઈ ન બેસવી. એક મહાત્મા પ્રભુના નામનો જપ કરતા જતા હતા. રસ્તામાં ધોબી એ કપડાં ધોઈને સૂકવેલાં. ભૂલથી તે કપડાં ઉપર એમનો પગ પડયો. ગુસ્સે થઈ ધોબી લાકડીથી મહાત્માને માર મારવા લાગ્યો. ભગવાને વિચાર્યું કે, સાધું મારું નામ લે છે અને હું તેનું રક્ષણ નહીં કરું તો મારી આબરૂ જશે એટલે ભગવાન તેમની મદદે ધાયા. એટલામાં મહાત્માએ સહન શીલતા ગુમાવી. મહાત્માને થયું કે, હું પણ તગડો છું. ધોબીને પહોંચી વળીશ.ધોબી ને મારવા મહાત્માએ લાકડી ઉગામી,એ જોઈ પ્રભુ ત્યાંથી પાછા ફરી ગયા. ત્યારે લક્ષ્મીજી પૂછે છે, તમે પાછાં કેમ આવ્યા? પ્રભુએ જવાબ આપ્યો,બે ધોબી ઓ લડે છે તો લડવા દો! મારી હવે શું જરૂર છે? જીવ દીન થઈ ઈશ્વરના ચરણમાં રહે તો અપમાનની અસર તેના ઉપર નહીં થાય. તેનામાંઅભિમાન હશે તો અસર થશે. આ સહન શક્તિનું નામ તિતિક્ષા છે. ધર્મનું છઠ્ઠું લક્ષણ અહિંસા છે. તન, મન અને વાણીથી કોઈને દુભાવવું નહીં તે અહિંસા છે. જેના જેના સંગથી સ્વભાવ બદલાય એ સંત છે. ઋષિમુનિઓના આશ્રમમાંપશુઓ હિંસક સ્વભાવ છોડી શાંતિથી બેસતાં,એ માત્ર ભૂતકાળની વાત નથી, આજે પણ એ બને છે. સાતમું લક્ષણ છે બ્રહ્મચર્ય.શરીરથી ઘણા બ્રહ્મચર્ય પાળેછે,પરંતુ આંખથી અનેમનથી બ્રહ્મચર્ય પાળનારાં ઓછાં છે. મનને સ્થિર કરવાનું સાધન છે બ્રહ્મચર્ય. તનમનની સર્વથા શુદ્ધિ તે બ્રહ્મચર્ય. ત્યાગ : ત્યાગ કરવો એ મનુષ્ય માત્રનો ધર્મ છે. બાંધવું ને ભેગું કરવું એ ધર્મ નથી. સ્વાધ્યાય : સગ્રંથનું ચિંતન-મનન એ સ્વાધ્યાય છે. આર્જવ :સ્વભાવને સરળ રાખવો સ્વભાવમાં કુટિલતા કે આંટીઘૂંટી ન રાખવી, મનમાં હોય તે જ પ્રગટ કરવું. સંતોષઃ ઈશ્વરે જે આપ્યું છે તેમાં સંતોષ માને તે શ્રીમંત. પ્રભુએ જે આપ્યું છે તેને જે ઓછું માને તે દરિદ્ર. એક ભિખારીને રત્નની વીંટી મળી તેણે વિચાર્યુંકે,મારા કરતાં જે વધારે ભિખારી દુઃખી હોય તેને આ વીંટી આપું. રસ્તે જતાં તેણે જોયું તો એક શેઠને પાંચ બંગલા છે અને છઠ્ઠો બંગલો બંધાવે છે. આ શેઠ તે વખતે મજૂરી બાબતે ઝઘડો કરતા હતા.ભિખારીએ શેઠને વીંટીઆપી શેઠ કહે,મારી પાસે ઘણું છે. હું ભિખારી નથી. મને શા માટે વીંટી આપે છે? ભિખારી કહે, તમારી પાસે ઘણું હોય તો નીત નવી મિલકતનો લોભ કેમ કરો છો? તમને સંતોષ નથી એટલે નિખારી હું નહીં, તમે છો. સમદ્રષ્ટિ :સર્વમાં સમદ્રષ્ટિરાખવી. ક્રિયામાં વિષમતા હોય,ભાવમાં વિષમતા કદી કરવી નહીં. મૌનઃ વ્યર્થ કાંઈ ન બોલવું એ મૌન છે. મનથી ન બોલેએ મૌન મૌનથી મનને શાંતિ મળે છે ને પાપનો નાશ થાય છે. આત્મચિંતનઃહું કોણ છું તેનો રોજ વિચાર કરવો. હું શરીર નથી, હું પરમાત્માનો અંશ છું. જન્મ પહેલાં કોઈ સગાં ન હતાં અને મર્યા પછી કોઈ સગાં મરતા પહેલાં એક શેઠે પોતાની વશિયત માં લખી રાખેલું કે,ગંગા- જમુના ની મધ્યમાં લાખ રૂપિયા છે. છોકરા વિચારવા લાગ્યા, ગંગાને જમુના બે મોટીનદીઓ, તેની વચ માં આ જગ્યા કયાં શોધવી? ત્યારે જૂના મુનિમે કહ્યું, તમારા ઘરમાં ગંગા-યમુના નામની બે ગાયો છે તે જે જગ્યાએ બાંધવામાં આવે છે તેની વચ્ચે આ રૂપિયા છે. આ દૃષ્ટાંતનો આધ્યાત્મિક અર્થ એવો થાય છેકે ગંગા-જમુનાએ ઈંગલા- પિંગલા બે નાડીઓ છે,તેની મધ્ય માં સુષુમ્ણા નાડી છે.કોઈ ગુરુ આ સુષુમ્ણા નાડીને જાગ્રત કરી આપે ત્યાં સુધી બ્રહ્મનાં દર્શન થતાં નથી પેલા શેઠના છોકરાને ગંગા-જમનાની ખબર નથી, એના જ ઘરમાં છે છતાં.તેમ આપણને આપણી અંદર જે ગંગા-જમુના છે તેની ખબર નથી. પછી દ્રવ્યરૂપી પ્રભુ જડે ક્યાંથી? ગુરુ બતાવે તો જ જડે. વાચક ચાહક મિત્રો, ભગવદ્ ગીતા જ્ઞાન કાળઝાળ ગરમીમાં શાંત મન ચિંતે મેળવી રહયા છીએ મોજમાં ખુશ રહો તેવી શુભેચ્છા સાથે અસ્તુ.

# કિમ કાર્દાશિયનનું ટેસ્લા સાથે ફોટોશૂટ ઊલટું પડ્યું

## યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારથી ટેસ્લા ખરીદી છે, ત્યારથી આ વિરોધ વધુ ઉગ્ર બન્યો છે

કિમ કાર્દાશિયનનાં ફૅન્સ તેની તસવીરો અને વીડિયોના દિવાના હોય છે, તે સોશિયલ મીડિયા પર પોસ્ટ થતાં જ વાયરલ થઈ જાય છે. પરંતુ તેણે તાજેતરમાં ટેસ્લા સાયબરટ્રૂકઅને ઓપ્ટિમસ રોબો સાથે સાથે કરાવેલું મેગેઝિન ફોટોશૂટ ઊલટું પડ્યું છે. એક તરફ ઈલોન મસ્કનાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર પર વધી રહેલા પ્રભાવ તેમજ તેણે અચાનક તેની કંપનીમાંથી કર્મચારીઓની માટે પાયે છટણી કરી હોવાને કારણે તેની ટીકા થઈ રહી છે.છેલ્લાં કેટલાંક વખતથી ટેસ્લા કારના માલિકો અને ખાસ કરીને ઈલેક્ટ્રિક કારના માલિકો ટેસ્લાના ઉત્પાદનોના વિરોધમાં પોતાની ગાડીઓ વેચી રહ્યાં છે, જેથી તેમને જનતાના વિરોધનો સામનો ન કરવો પડે અને તેઓ કંપની સાથે પોતાનું અંતર દર્શાવી શકે. સામે મસ્કની બધી કંપનીના શેરના ભાવ પણ નીચે જઈ રહ્યા છે. આ વિરોધના માહોલમાં કિમ કાર્દિશને ટેસ્લા સાયબરટ્રૂક સાથેની તસવીરો શેર કરી હતી અને ઓપ્ટિમસ રોબોને ભેટતી તસવીર એક મેગેઝિનના કવર પેજ પર પ્રકાશિત



કિમ કાર્દિશને ટીકાનો સામનો કરવો પડ્યો

થઈ હતી. એક્સ પર કાર્દાશિયને શેર કરેલી આ પોસ્ટને ૧૦ મિલિયન વ્યૂ મળ્યા અને સામે સોશિયલ મીડિયા પર કિમે ખોટા સમયે તસવીરો પોસ્ટ કરવા બદલ તેની ટીકા પણ થઈ રહી છે. કોઈએ તેની તસવીરો પર કમેન્ટ કરતા કહ્યું,"છોકરી, મારું વચન છે કે તારી આ તસવીરોને કારણે કોઈ પણ સાયબરટ્રૂક ખરીદવાનું નથી. જવા દે."તો અન્ય એક યૂઝરે લખ્યું, યૂએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારથી ટેસ્લા ખરીદી છે, ત્યારથી આ વિરોધ વધુ ઉગ્ર બન્યો છે "કિમ કાર્દાશિયન પાસે ચોક્કસ ટેસ્લાના શેર હશે, એટલે જ તે એમના ધંધાને થોડું પ્રોત્સાહન આપવા મથે છે?" તો એક વ્યક્તિએ કહ્યું કે "ફાસીઝમ ક્યુટ કે ટ્રેન્ડી હોઈ ન શકે. તને ખબર પડે છે કે, દુનિયામાં શું ચાલે છે? આ વિરોધમાં એડલ્ટ સ્ટાર મિયા ખલીફાએ પણ ઝંપલાવ્યું હોવાથી આ મુદ્દો લોકોના ધ્યાનમાં વધારે મહત્વનો બની ગયો, મિયા ખલીફાએ કિમ કાર્દાશિયનની ટીકા કરતાં કહ્યું, "કિમ કાર્દાશિયન એક નાઝી બર્ડ બ્રેઈન્ડ બિલિયોનેર છે, એ ક્યારેય આ વાત વાંચશે તો પણ એને માત્ર બિલિયોનેર શબ્દ જ દેખાશે, આગળનાં શબ્દો તો એને દેખાશે પણ નહીં, કારણ કે એક પક્ષી છે." યૂએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારથી ટેસ્લા ખરીદી છે, ત્યારથી આ વિરોધ વધુ ઉગ્ર બન્યો છે.

પોતાનો ૨૦મો જન્મદિવસ પણ ઉજવ્યો હતો

# 'એક દો તીન'ની રીમેક માટે રાશા થડાની પરફેક્ટ : માધુરી





## માધુરીએ રાશાનાં ગ્રેસફુલ ડાન્સના વખાણ કર્યા, તેનાં 'ઉઇ અમ્મા' ગીતનો પણ ઉલ્લેખ કર્યો હતો

માધુરીના ડાન્સ સોંગ, તેનો અંદાજ, તેનો ડાન્સ અને તેનાં એક્સ્પ્રેશન આજે પણ એવરગ્રીન અને ઓલટાઈમ ફેવરીટ છે, આજે પણ ઘણી હિરોઇન માધુરી સાથે સરખામણીથી બચવા તેનાં ગીતો પર ડાન્સ કરવાનું ટાળે છે. પરંતુ હવે માધુરી રાશાના ડાન્સની દિવાની થઈ છે. તાજેતરમાં એક ઈવન્ટમાં જ્યારે તેને પૂછાયું કે તેનાં આઈકોનિક ગીત 'એક દો તીન'ને આજની કઈ હિરોઇન ન્યાય આપી શકે, ત્યારે તેણે તરત જ રવિના ટંડનની દિકરી રાશા થડાનીનું નામ લીધું હતું. માધુરીએ રાશાની ડાન્સિંગ સ્કીલ અને લચકનાં વખાણ કર્યા હતાં. માધુરીનું ૧૯૮૮માં આવેલી ફિલ્મ 'તેઝાબ'નું આ ગીત આજે પણ યાદગાર છે.માધુરીએ રાશાનાં ગ્રેસફુલ ડાન્સના વખાણ કર્યા અને તેનાં 'ઉઇ અમ્મા' ગીતનો પણ ઉલ્લેખ કર્યો હતો. રાશાની ફિલ્મ 'આઝાદ'માં તેણે રાશાના એનર્જેટીક પર્ફોર્મન્સના પણ વખાણ કર્યા હતા.આઝાદનું આ ગીત જાન્યુઆરીમાં રિલીઝ થયું હતું. તે ગીત બહુ ઝડપથી લોકોના ધ્યાનમાં આવી ગયું હતું. આ ફિલ્મમાં અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન લીડ રોલમાં છે, જેમાં રાશા જાનકી નામની છોકરીનો રોલ કરે છે. અભિષેક કપુરે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં અજય દેવગન, મોહિત મલ્લિક અને પિયુષ મિશ્રા પણ મહત્વના રોલમાં છે. આઝાદ ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી. તાજેતરમાં રાશાએ પોતાનો ૨૦મો જન્મદિવસ પણ ઉજવ્યો હતો, જેમાં ઈમબ્રાહીમ અલી ખાન, તમન્ના ભાટીયા, મનિષ મલ્હોત્રા અને વીર પહારિયા સહીતનાં લોકો હાજર રહ્યાં હતાં. બ્લેક થીમ પર યોજાયેલી તેની બર્થડે પાર્ટીના ફોટો અને વીડિયો વાયરલ થયાં હતાં. રવિનાએ પણ દિકરીના જન્મ દિવસે ઈન્સ્ટાગ્રામ પર એક ઈમોશનલ પોસ્ટ લખી હતી. સાથે તેનાં બાળપણની કેટલીક યાદો પણ તાજા કરી હતી.

# પ્રિયંકા ચોપરાની બહેન મનારા ચોપરાનો વીડિયો વાઈરલ થયો



## 'બિગ બોસ ૧૭'માં જોવા મળેલી અભિનેત્રી મનાારા ચોપરા હાલમાં 'લાફ્ટર શેફ્સ ૨'માં સ્પર્ધક તરીકે જોવા મળી રહી છે

'બિગ બોસ ૧૭'માં જોવા મળેલી અભિનેત્રી મન્નારા ચોપરા હાલમાં 'લાફટર શેફસ ૨'માં સ્પર્ધક તરીકે જોવા મળી રહી છે. તે ઘણીવાર તેના ચહેરાના હાવભાવ અને ડ્રેસિંગ સેન્સ માટે ટીકાઓનો સામનો કરે છે, પરંતુ જરાય સુધારો જોવા મળતો નથી. સલમાન ખાનથી લઈને બધાએ તેને બદલાવ લાવવાનું કહ્યું હતું, પરંતુ બાર્બી હાંડાએ તેની વાત સાંભળી નહીં. હવે તેણે એવો વિચિત્ર વીડિયો શેર કર્યો છે કે તેને જોયા બાદ લોકોએ ડિલિટ કરવાની અપીલ કરી હતી. હોળીના તહેવાર વખતે અંકિતા લોખંડેની પાર્ટીમાં મન્નારા ચોપરાએ ધૂમ મચાવી હતી. તેણે એક રીલ બનાવીને તેને એ જ રીતે શેર કરી હતી, ત્યાર બાદ યૂઝર્સે કમેન્ટ સેક્શનમાં તેની આકરી ટીકા કરી હતી અને તેને આ વીડિયો તાત્કાલિક ડિલીટ કરવા કહ્યું હતું. શોર્ટ ટોપ અને ડેનિમમાં સજ્જ ફ્લાઈંગ કિસ આપી રહી હતી તો ક્યારેક તે તેના ડાન્સ મૂવ્સ માદક જણાતા હતા. મન્નારા ચોપરા જે રીતે ચહેરાના હાવભાવ સાથે બોલે છે, દરેક વ્યક્તિ તેના પર ચિડાય છે. 'લાફટર શેફસ ૨'માં પણ તે આ જ કારણસર મજાકનું પાત્ર બની જાય છે. ઉપરાંત, તેની સુદેશ લાહિરી સાથે જોડી છે, અને તે જીતવા માટે કોઈ પ્રયાસ કરતી નથી, જેના કારણે તેને શેફ હરપાલ સિંહ દ્વારા ઠપકો આપવામાં આવે છે. અબ્દુ રોજિક શોમાં અભિનેત્રીનું અપમાન કરે છે. પરંતુ તે તેની ધૂનમાં ખોવાયેલી રહે છે. આ ગીતમાં પણ તે ખૂબ જ વિચિત્ર લાગી રહી છે. જેના કારણે તે ટ્રોલ થઈ હતી.મન્નારા ચોપરાએ વીડિયો શેર કરી કેપ્શનમાં લખ્યું હતું કે 'હું રંગોથી રંગાયેલી છું, મારા પર વિશ્વાસ કરો, મારો ડાન્સ હજુ પણ અદ્ભુત છે.' હવે આ જોયા પછી એક યુઝરે કહ્યું હતું કે મહેરબાની કરીને તેને ડિલીટ કરો.' બીજાએ લખ્યું હતું કે ડીલીટ કરો. તમે બહુ ગંદા દેખાઈ રહ્યા છો.' તો અન્ય એકે લખ્યું હતું કે તમારું એકાઉન્ટ કોઈ પ્રોફેશનલ મેનેજરને આપો. હવે તમે મોટા સ્ટાર છો અને આ સસ્તા ફિલ્ટર્સ ફોનમાં સારા નથી લાગતા.'

કાર્તિકની હાજરીમાં કરણે ખાન અને કપૂરના વખાણ કર્યા

# 'ભૂલભુલૈયા' ફ્રેન્ચાઇઝી ચોરી લેવાનો આરોપ

કરણ જોહર અને કાર્તિક આર્યન વચ્ચેના અણબનાવને ભુલીને તેઓ ફરી સાથે ફિલ્મ કરી રહ્યા છે. બંનેએ સાથે આઈફા એવોર્ડનું સંચાલન પણ કર્યું હતું. જેમાં ઓડિયન્સને મજા કરાવવા તેમણે એક રૅપ બૅટલ પણ કરી હતી, જેમાં એકબીજાની મજાક કરી હતી. આ બૅટલમાં કરણે પોતાને એવરગ્રીન ફેકલ્ટી ગણાવ્યો હતો અને કાર્તિકને નવો નિશાળીયો ગણાવ્યો હતો. કરણે પોતાને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીનો કિંગમેકર જાહેર કરી દીધો હતો. સાથે તેણે એમ પણ કહ્યું, "ખાન અને કપૂર હજુ પણ 'ઓજી' ગણાય છે, આજકાલના હિરો જુઓ એમની જ ફિલ્મની ફ્રેન્ચાઈઝી ચોરી લે છે."તેના જવાબમાં કાર્તિક આર્યને પોતાની સફળતાની ગાથા વર્ણવી હતી અને કહ્યું કે તે ઈન્ડસ્ટ્રીમાં બહારનો વ્યક્તિ હોવા છતાં તેની



ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩' બોક્સ ઓફિસ પર સારી ચાલી હતી અને એ જ વખતે રિલીઝ થયેલી કરણ જોહરની 'સ્ટુડન્ટ ઓફ ધ યર'નું બોક્સ ઓફિસ પર સૂરસુરિયું થઈ ગયું હતું. આ એવોર્ડમાં કાર્િક આર્યને તેની ફિલ્મ માટે બેસ્ટ એક્ટર મેલનો એવોર્ડ પણ જીત્યો હતો. આ એવોર્ડ સ્વીકારતા કાર્તિકે કહ્યું, "હાલ મારી પાસે શબ્દો નથી, હું ચંદુ નથી, હું ચેમ્પિયન છું. મને ખબર છે, આ એવોર્ડ એ ફિલ્મ માટે નથી, પરંતુ મારા માટે લાગણી એવી જ છે." સાથે તેણે એમ પણ કહ્યું કે ભૂલભુલૈયા ફ્રેન્ચાઈઝીનો એનો સમગ્ર અનુભવ કાંટાભર્યો હતો.કાર્તિકે એવું પણ કહ્યું હતું કે જ્યારે 'ભૂલભુલૈયા ૨' માટે તેને કાસ્ટ કરવામાં આવ્યો ત્યારે ઘણા લોકોને એવી શંકા હતી કે આટલા મોટા સ્કેલની ફિલ્મમાં તેને કાસ્ટ કરવાથી ફિલ્મ ચાલશે કે નહીં. લોકોને આવી જ શંકા 'ભૂલભુલૈયા ૩' માટે પણ હતી. ખાસ કરીને તેની રિલીઝ ડેટ માટે, જેમાં તેણે અજયની સિંઘમ અગેઈન તરફ ઈશારો કર્યો હતો.આ એવોર્ડ અને ફિલ્મની સફળતા માટે તેણે ઓડિયન્સનો આભાર માન્યો હતો.

એઆર મુરુગદોસે રસપ્રદ વાર્તાની

# સિકંદર ફિલ્મમાં ગજની જેવું આશ્ચર્યજનક તત્વ હશે?

સલમાન ખાનની આગામી મોટી રિલીઝ ફિલ્મ સિકંદર છે. ઘણી રાહ જોયા પછી, નિર્માતાઓએ આખરે આ મસાલા એન્ટરટેઈનરની રિલીઝ તારીખ જાહેર કરી છે. એઆર મુરુગાદોસ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૩૦ માર્ચે રિલીઝ થવા જઈ રહી છે. ઈદની ઉજવણીને અનુરૂપ રવિવારે રિલીઝ થવાની છે. સિકંદરમાં રશ્મિકા મંદન્ના મુખ્ય ભૂમિકામાં છે. ગીતો અને ટીઝર પહેલાથી જ ચર્ચામાં વધારો કરી ચૂક્યા છે. હવે, ફિલ્મના પ્લોટ વિશે દિગ્દર્શકે પોતે કરેલા તાજેતરના ખુલાસાઓથી ઉત્સાહમાં વધારો થયો છે. આ ફિલ્મમાં આમિર ખાનની ફિલ્મ ગજની જેવી જ આશ્ચર્યજનક તત્વ છે. એઆર મુરુગદાસે કહ્યું કે સિકંદર ફક્ત એક સામૂહિક ફિલ્મ નથી પરંતુ તે મજબૂત કૌટુંબિક લાગણીઓ ધરાવે છે. જ્યારે ગજની એક ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડની પ્રેમકથા વિશે હતી, ત્યારે સિકંદર પતિ-પત્નીના સંબંધની આસપાસ ફરશે. તેમણે કહ્યું કે, "તે આજે પરિવારો કેવી રીતે કાર્ય કરે છે, યુગલો એકબીજા સાથે કેવી રીતે વર્તે છે અને આપણે આપણા સંબંધોમાં શું ગુમાવી રહ્યા છીએ તે શોધે છે. તે ફિલ્મનું મુખ્ય આકર્ષણ હશે. જોકે ગજની દર્શકોને એક સાયકો થ્રિલર લાગતું હતું, આમિર અને અસીનની પ્રેમકથા આશ્ચર્યજનક તત્વ હતી. તેવી જ રીતે, અહીં પ્રેમનું એક તત્વ છે જે દર્શકોને પ્રભાવિત કરશે."

# બોલ બચ્ચનના કારણે ફરી વખત ફસાયા

## જયા બચ્ચનએ એક કાર્યક્રમમાં ટોઈલેટ એક પ્રેમકથાની મજાક ઉડાવી હતી

બોલીવૂડના વીતેલા જમાનાના દિગ્ગજ હીરોઈનમાંથી એક એવા જયા બચ્ચન પ્રોફેશનલ લાઈફ કરતાં પર્સનલ લાઈફને કારણે વધારે ચર્ચામાં રહેતા હોય છે. ફરી એક વખત જયા બચ્ચન પોતાના સ્ટેટમેન્ટને કારણે ચર્ચામાં આવ્યા છે અને આ વખતે તેઓ ચર્ચામાં આવ્યા છે એનું કારણ છે અક્ષય કુમારની ફિલ્મ. જયા બચ્ચને અક્ષય કુમારની ફિલ્મની મજાક ઉડાવતાં કહ્યું હતું કે હું તો આવા નામવાળી ફિલ્મ જોઉં પણ નાપ એટલું જ નહીં તેમણે તો એવું પણ કહી દીધું હતું કે આવી ફિલ્મો તો બોક્સ ઓફિસ પર ફલોપ જ રહી હશે. આવો જોઈએ જયા બચ્ચને કઈ ફિલ્મની વાત કરી છે અને શું કામ? જયા બચ્ચને



એક કાર્યક્રમમાં અક્ષય કુમાર અને ભૂમિ પેડણેકર સ્ટારર ફિલ્મ ટોઈલેટ એક પ્રેમકથાની મજાક ઉડાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ફિલ્મનું ટાઈટલ જોઈ લો. હું આવા નામવાળી ફિલ્મ ક્યારેય ના જોઉં, આવું પણ કંઈ નામ હોતું હશે. સાચે આ ફિલ્મનું નામ છે?જયા બચ્ચને આ કાર્યક્રમમાં હાજર ઓડિયન્સને પૂછ્યું હતું કે શું તેઓ આ પ્રકારની નામવાળી ફિલ્મ જોવાનું પસંદ કરશો. જયા બચ્ચનનો આ સવાલ સાંભળીને ત્યાં હાજર કેટલાક લોકોએ હાથ ઉઠાવ્યો હતો. એ જોઈને જયા બચ્ચને જણાવ્યું હતું કે આટલા લોકોમાં જુઓ મુશ્કેલથી ચાર પાંચ લોકોએ હાથ ઉઠાવ્યો છે. બોક્સઓફિસ પર આ ફિલ્મ કેટલી મોટી સુપર ફ્લોપ રહી હશે.અહીંયા તમારી જાણ માટે કે ટોઈલેટ: એક પ્રેમકથા ફિલ્મ રૂ. ૧૮ કરોડના ખર્ચે બનાવવામાં આવી હતી અને બોક્સ ઓફિસ પર આ ફિલ્મે ૧૩૪.૪૨ કરોડની કમાણી કરી હતી. જ્યારે વર્લ્ડવાઈડ કલેક્શનની વાત કરીએ તો આ ફિલ્મે ૩૧૬.૯૭ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ટૂંકમાં આવું કહીએ તો આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી.જયા બચ્ચનનો આ વીડિયો જોઈને અક્કીના ફેન્સ ગુસ્સે થયા છે. તેમણે આ વીડિયો પર રિએક્ટ કરતાં લખ્યું હતું કે જયા બચ્ચન કહે છે કે કોઈ પણ ટોઈલેટ: એક પ્રેમકથા કે પેડમેન જેવી ફિલ્મો નહીં જુએ.

# આશા છે કે અમારી ફિલ્મનો 'વર્ડ ઓફ માઉથ'નો સમય જલ્દી આવે

## બીજી કોઈ મજબૂત અભિનેત્રી હોય એવી ફિલ્મમાં કામ કરવાની મને ખરેખર બહુ મજા આવે છે

તાજેતરમાં ભૂમિ પેડનેકરની અર્જૂન કપૂર અને રકુલપ્રીત સિંઘ સાથેની ફિલ્મ 'મેરે હસબન્ડ કી બિવી' રીલીઝ થઈ છે. આમ તો આ એક મસાલા ફિલ્મ હતી પરંતુ બોક્સ ઓફિસ પર ખાસ કોઈણ કમાલ કરી શકી નથી. આ અંગે એક ઈન્ટરવ્યુમાં ભૂમિએ વાત કરી છે. ફિલ્મને મળેલા પ્રતિસાદ વિશે ભૂમિએ કહ્યું,''અમારાથી ફિલ્મ માટે જેટલું બની શકે એટલું અમે કર્યું અને જે પણ લોકો ફિલ્મ જોવા જાય છે એમને ફિલ્મ ગમે છે. જ્યાં સુધી લોકો ફિલ્મની કોઈ બાબત સાથે પોતાને જોડી શકે એટલું મારા માટે પૂરતું છે. અમે એક એવી જ ફિલ્મ બનાવવ માગતાં હતાં, જે લોકો પોપકોર્ન ખાતાં ખાતાં જુએ અને મજા કરે. જો અમે એટલું કરવામાં પણ સફળ થઈએ તો અમારા માટે એ પૂરતું છે.''ઘણા એવાં લોકો પણ છે જેઓ આ ફિલ્મ વિશે સારો





પ્રતિસાદ આપી રહ્યાં છે. આ અંગે ભૂમિએ કહ્યું,''મને આશા છે કે જલ્દી વર્ડ ઓફ માઉથનો સમય આવે. જો એવું ન થયું તો અમારા માટે દુઃખની બાબત હશે. મને આશા છે કે અમારી ફિલ્મને તેનો લાભ મળશે.''આ પહેલાં પણ ભૂમિ એકથી વધારે હિરોઈન હોય એવી ફિલ્મમાં કામ કરી ચૂકૂ છે, જેમકે 'બાલા', 'સાંડ કી આંખ', 'ગોવિંદા મેરા નામ' આ અંગે ભૂમિએ કહ્યું,''મને એ બાબતે કોઈ અસુરક્ષા લાગતી નથી. મને તો ઊલટું એવું લાગે છે કે ઘણી વખત પુરુષ કલાકારો કરતાં મહિલા કલાકારોના લાંબા રોલ જ ફિલ્મને હિટ કરાવી જાય છે. મહિલા કલાકારો વિના પુરુષ કલાકારોનું કામ ચાલે છે? કારણ કે આખરે તો એ બધાં પાત્રો છે.''આ ફિલ્મમાં કામ કરવાના અનુભવ વિશે ભૂમિએ કહ્યું,''બીજી કોઈ મજબૂત અભિનેત્રી હોય એવી ફિલ્મમાં કામ કરવાની મને ખરેખર બહુ મજા આવે છે. કારણ કે છોકરીઓ તરીકે અમે એકબીજાને વધુ સારી રીતે સમજી શકીએ છીએ. અમે એકબીજાને અમારા અનુભવો કહીએ છીએ, એકબીજાનો ઉત્સાહ પણ વધારીએ છીએ. મને સાંડ કી આંખમાં તાપસી સાથે કામ કરવામાં બહુ જ મજા આવી હતી. આવી ફિલ્મમાં મને ચાર સીન મળશે તો પણ હું મારું બેસ્ટ આપવાની કોશિશ કરીશ.''

# એરપોર્ટ પર પતિ-દીકરી વિના દેખાઈ પ્રિયંકા

## આ વખતે પ્રિયંકા ચોપરા પતિ-દીકરી વિના હૈદરાબાદમાં સ્પોટ થઈ હતી

બોલીવૂડથી લઈને હોલીવૂડ સુધી પોતાની એક્ટિંગથી લોકોને ઘેલું લગાડનારી દેસી ગર્લ પ્રિયંકા ચોપરા હાલમાં જ પોતાના ભાઈના લગ્નમાં હાજરી આપવા માટે મુંબઈ પહોંચી હતી. પરંતુ આ બધા વચ્ચે પીસી ફરી એક વખત ભારત આવી હતી અને આ વખતે તે હૈદરાબાદમાં સ્પોટ થઈ હતી, કારણ કે તેઓ એસએસ રાજામૌલીની ફિલ્મમાં મહેશ બાબુ સાથે કામ કરી રહી છે. હવે ફરી એક વખત પીસી કદાચ મુંબઈ આવી છે. આ વખતે પીસી મુંબઈના કલિના એરપોર્ટ પર સ્પોટ થઈ હતી, પરંતુ આ સમયે ફેન્સની નજર તેના ચહેરા પર નહીં પણ પેટ પર અટકી ગઈ હતી. આવો જોઈએ શું છે ખાસ એવું કે ફેન્સ પીસીના પેટ પરથી નજર હટાવી શક્યા નહોતા-અહં.. જો તમે વિચારી રહ્યા હોવ કે પીસી એરપોર્ટ સ્પોટ થઈ અને લોકોની નજર તેના પેટ પર જ અટકી પડી હશે એનું કારણ કોઈ ગુડ ન્યુઝ કે એવું કંઈ છે તો બોસ એવું કંઈ જ નથી. પીસી આજે એટલે કે ૧૯મી માર્ચના મુંબઈના કલિના એરપોર્ટ પર સ્પોટ થઈ હતી.આ સમયે તે લાલ ચમચમાતી ઓડી કારમાં જોવા મળી હતી. પીસીએ કો-ઓર્ડ સેટ સાથે કાલા ચશ્મા પહેરીને હંમેશની જેમ પોતાની અદાઓથી ફેન્સને ઘાયલ કરી દીધા હતા. વાત કરીએ પીસીના પેટ પર લોકોની નજર કેમ અટકી ગઈ એની તો એ વાત તો બધા જાણે છે કે પીસીએ લાંબા સમય પહેલાં જ નેવલ પિયર્સિંગ કરાવી હતી એરપોર્ટ પર પીસી સ્પોટ થઈ ત્યારે તેનું પેટ દૂરથી શાઈન કરવા લાગ્યું હતું અને એનું કારણ હતું તેણે પહેરેલું બેલી બટન. આ બેલી બટનની કિંમત ૨.૭ કરોડ રૂપિયા જેટલી છે.પીસીનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ



પ્રિયંકા એ કો-ઓર્ડ સેટ સાથે કાલા ચશ્મા પહેરીને હંમેશની જેમ પોતાની અદાઓથી ફેન્સને ઘાયલ કરી દીધા હતા

વાઈરલ થઈ રહ્યો છે. ફેન્સ આ વીડિયો પર ભર-ભરીને કમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે આ વીડિયો પર કમેન્ટ કરતાં લખ્યું હતું કે જેટલી અમારા બાપ-દાદાની પ્રોપર્ટી નથી એટલું તો એ એક બેલી બટન પર લટકાવીને ફરી રહી છે. બીજા એક યુઝરે લખ્યું હતું કે સ્વેગ ગર્લ. ત્રીજા એક યુઝરે લખ્યું હતું કે આ ખૂબ જ સારું કામ કરે છે અને આટલી મોંઘી વસ્તુ તો એ ડિઝર્વ કરે છે.

# 'પાણીદાર પહેલ': અદાણી ગ્રીન ૨૦૨૫-૨૬ સુધીમાં 'નેટ વોટર પોઝિટિવ' બનશે

## હવાના ભેજમાંથી પાણીનો સંગ્રહ અને રોબોટિક સફાઈથી જળસંરક્ષણ



। અમદાવાદ, તા.૨૦ ।

ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી ઉત્પાદક કંપની અદાણી ગ્રીન એનર્જી લીમીટેડે (AGEL) ૨૦૨૫-૨૬ સુધીમાં 'નેટ વોટર પોઝિટિવ' બનવા પ્રતિબદ્ધ છે. AGEL ના ઓપરેટિંગ પોર્ટફોલિયોને વોટર પોઝિટિવ, 'સિંગલ-યુઝ પ્લાસ્ટિક ફ્રી' અને 'ઝીરો વેસ્ટ-ટુ-લેન્ડફિલ' માટે પ્રમાણિત કરવામાં આવ્યા છે. આગામી તમામ પ્રોજેક્ટ્સમાં તે સૌર મોડ્યુલ માટે પાણીનો ઉપયોગ ટાળતા રોબોટિક સફાઈ કરવાની નેમ ધરાવે છે. વોટર પોઝિટીવનું લક્ષ્યાંક પ્રાપ્ત કરવા કંપની અનેક વ્યૂહાત્મક પહેલો કરશે.

'નેટ વોટર પોઝિટિવ' બનવા માટે કંપની સ્વચ્છ પાણીનો વપરાશ ઘટાડશે અને પાણીના રિસાયક્લિંગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. જેમાં વરસાદી પાણીનો સંગ્રહ, સૌર પેનલ સફાઈ માટે પાણીનો ઉપયોગ ઘટાડતી ટેકનોલોજીનો ઉપયોગ, વધુ સારી જળ સંરક્ષણ પદ્ધતિઓની હિમાયત કરવા સ્થાનિક લોકો સાથે સહયોગ વગેરે પહેલો કરવામાં આવશે. તે ટકાઉ વિકાસને ગતિ આપવાની કંપનીની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

અદાણી ગ્રીન એનર્જીએ પ્લાસ્ટિક બોટલ્ડ પાણીના ઉપયોગને દૂર કરવા ગ્રીન ટેકનોલોજી લાગુ કરી છે. આ નવીન ઉકેલ દ્વારા હવાના ભેજમાંથી પાણીનો સંગ્રહ કરી સ્વચ્છ પીવાનું પાણી મળી રહે છે. તેનાથી પ્લાસ્ટિકનો ઉપયોગ દૂર થતા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

અદાણી ગ્રીન એનર્જી જળ વ્યવસ્થાપનમાં પહેલેથી અગ્રણીની ભૂમિકામાં છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૨૦૦ મેગાવોટથી વધુ ક્ષમતા ધરાવતા ઓપરેશનલ સ્થળોએ તે 'નેટ વોટર પોઝિટિવ' બની ચૂકી છે. ગત વર્ષે કંપનીએ રોબોટિક સફાઈ દ્વારા ૩,૪૭,૩૧૦ કિલોલીટર પાણીની બચત કરી હતી, જે ૧૫.૮ લાખ ઘરોના પાણીના વપરાશ જેટલી છે.

પાણીનું ટકાઉપણું પ્રાપ્ત કરવાના લક્ષ્યને સાકાર કરવા માટેના રોડમેપમાં વરસાદી પાણીનો સંગ્રહ, જળસંરક્ષણ અને સમુદાય ભાગીદારી જેવી કેટલીય વ્યૂહાત્મક પહેલનો સમાવેશ થાય છે. કંપનીએ ફોટોવોલ્ટેઈક (PV) મોડ્યુલોના ૪૩.૫ ટકા સફાઈ માટે પહેલેથી જ રોબોટિક ટેકનોલોજી અમલમાં મૂકી છે.

AGEL એ નાણાકીય વર્ષ ૨૦૨૩ માં જ ૨૦૦ મેગાવોટથી વધુ ક્ષમતા ધરાવતા તમામ કાર્યકારી સ્થળોએ નેટ વોટર પોઝિટીવીટી પ્રાપ્ત કરી છે. એટલું જ નહીં, ખાવડા, જેસલમેર, કચ્છ જેવા અછતગ્રસ્ત પ્રદેશોમાં પાણીનો ઉપયોગ ઘટાડી જળસંસાધનોને ફરીથી ભરવામાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

### ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે ગુજરાતનું મહત્ત્વપૂર્ણ પગલું

# કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે હજીરાથી કંડલા પોર્ટ તરફ ઈલેક્ટ્રોલાઈઝર્સના કન્સાઈનમેન્ટને વર્ચ્યુલ ફ્લેગ ઓફ કરાવ્યું

## કંડલાના દિન દયાલ પોર્ટ ઓથોરિટી ખાતે ૧ મેગાવોટના ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટની સ્થાપના માટે "મેઈડ-ઇન-ઇન્ડિયા" હેઠળ ઉત્પાદિત ઈલેક્ટ્રોલાઈઝર્સ સ્થાપિત થશે




। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

નવીન ઉર્જાના ક્ષેત્રે દેશભરમાં મિશન મોડ પર કામ ચાલી રહ્યું છે. ગુજરાતમાં પણ તેને અનુરૂપ આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનના લક્ષ્યને પ્રાપ્ત કરવા અને ઊર્જા પરિવર્તન માટે ગુજરાતમાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા ખાતે સ્થાપિત થવા જઈ રહેલા ૧ મેગાવોટના ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ માટે "મેઈડ-ઈન-ઈન્ડિયા" હેઠળ ઉત્પાદિત ઈલેક્ટ્રો લાઈઝર્સને વર્ચ્યુઅલી ફ્લેગ ઑફ કરાવ્યું હતું.

**ગ્રીન હાઈડ્રોજન માટે DPA (દિન દયાલ પોર્ટ ઑથોરિટી) નું વિઝન**

કંડલા પોર્ટને ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે વિકસાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયને અનુરૂપ DPA- કંડલા દ્વારા ડિસેમ્બર ૨૦૨૪માં પોર્ટ સંચાલિત ૧ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કે જેને પછીથી ૧૦ મેગાવોટ ક્ષમતા સુધી વધારવામાં આવશે તેની સ્થાપવા માટે કામગીરી શરૂ કરી હતી. આ પગલું ભારતના દરિયાઈ ક્ષેત્રમાં ટકાઉ ઉર્જા અપનાવવા તરફનો એક મહત્ત્વપૂર્ણ પ્રયાસ છે. આ પ્લાન્ટનો પ્રાથમિક ઉદ્દેશ્ય ઈજનેરો અને ટેકનિશિયનોને ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન, સંગ્રહ અને હેન્ડલિંગ ઈકોસિસ્ટમમાં અસરકારક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. જેના પરિણામે બંદરના ઓપરેશનલ માળખામાં નવીનતા અને તકનીકી શ્રેષ્ઠતાને પ્રોત્સાહન મળશે.

**ત્રણ મહિનાના રેકોર્ડ સમયમાં ૧ મેગાવોટના ઈલેક્ટ્રોલાઈઝરનું ઉત્પાદન**

ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રમાં L&T ને એક પ્રસ્થાપિત સંસ્થા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આશરે એક વર્ષ પહેલા ઉદ્ઘાટીત કરેલા હજીરાના ૧ મેગાવોટના ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની સ્થાપના પણ આ જ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. કંડલા ખાતે નિર્માણ પામનાર ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ માટે જરૂરી ઈલેક્ટ્રોલાઈઝરનું ઉત્પાદન કરવાનું કામ પણ ન્ શ્ ને સોંપવામાં આવ્યું. મેઈડ-ઈન-ઈન્ડિયા પહેલ પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવતા L&T એ ફક્ત ત્રણ મહિનાના રેકોર્ડ સમયમાં આ ૧ મેગાવોટ ઈલેક્ટ્રોલાઈઝરનું સફળતાપૂર્વક ઉત્પાદન કર્યું. ઈલેક્ટ્રોલાઈઝર કોઈપણ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટનો સૌથી મહત્વપૂર્ણ ઘટક છે, જે હાઈડ્રોજન ઉત્પાદનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે વર્લ્ડ ઓરલ હેલ્થ ડે ની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

આજરોજ તારીખ ૨૦-૦૩-૨૦૨૫ ગુરુવારના રોજ ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે વર્લ્ડ ઓરલ હેલ્થ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આ વર્ષ ૨૦૨૫ ની થીમ હેપ્પી માઉથ ઈસ હેપ્પી માઈંડ એટલે ખુશ તંદુરસ્ત મોઢું એ તંદુરસ્ત માનસિક સ્વા-સ્થ્યની નિશાની પર ડૉ ધવલ પલાસએ મોઢાના સ્વાસ્થ્યના સ્વાસ્થ્ય વિશે સમજ આપી હતી. આ પ્રસંગે હોસ્પિટલના પ્રાંગણમાં રંગોળી બનાવીને લોક જાગૃતિ ફેલાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ પ્રતિમા મહેતા, આર.એમ.ઓ ડૉ ચંદ્રા તથા હોસ્પિટલના અન્ય સ્ટાફગણે ઉજવણીમા ભાગ લઈ લીધો હતો.

# ગુજરાત મજૂર યુનિયન દ્વારા એસ.ટી કર્મચારીઓના પેંશનમા વધારો કરવાની માંગણી કરવા બેઠક યોજી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ઝાલોદ વિશ્વકર્મા મંદિર ખાતે રિટાયર્ડ એસ.ટી નિગમના કર્મચારીઓના પેન્શનમા વધારો કરવા માટે બેઠક યોજી હતી આ બેઠકમાં ઉપસ્થિત સહુ એસ.ટી નિગમના રિટાયર્ડ કર્મચારીઓના ગુજરાત મજૂર યુનિયનના પ્રમુખ વિનયચંદ્ર સાધુના આગેવાની હેઠળ સહુ કર્મચારીઓ ભેગા થયેલ હતા. એસ.ટી નિગમના કર્મચારીઓ ઘણા લાંબા સમયથી પોતાના પેંશનના વધારા માટે લડી રહેલ છે. આજના મોંઘવારીના જમાનામાં આ નિવૃત્ત કર્મચારીઓને ઓછા પેન્શનમા પરિવાર ચલાવવું અઘરું પડે છે. સરકાર પાસે આ કર્મચારીઓ માંગ કરી રહેલ છે કે બીજા કર્મચારીઓને ૨૦૦૦૦ ઉપરાંત પેન્શન મળે છે તો એસ.ટી નિગમના નિવૃત્ત કર્મચારીઓને ઓછું પેન્શન કેમ. દાહોદ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવા જતા આવેદનપત્રમા આ નિવૃત્ત કર્મચારીઓ દ્વારા ઓછામાં ઓછું 1500 +DA મળવું જોઈએ તેવી રજૂઆત કરવા આ સહુ નિવૃત્ત કર્મચારીઓ કરવા જનાર છે.

# ઈંગોલી પ્રાથમિક શાળામાં 'હેલ્ધી ફૂડ ફેસ્ટિવલ' યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

ધોળકાની ઈંગોલી પ્રાથમિક શાળામાં 'હેલ્ધી ફૂડ ફેસ્ટિવલ' નું આયોજન કરવામાં આવ્યું હતું. ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા આયોજિત પર્યાવરણ શિક્ષણ કાર્યક્રમ (EEP) અંતર્ગત આ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રકૃતિવિદ અને પક્ષીશાસ્ત્રી ડૉ. ચિરાગભાઈ પ્રજાપતિ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવીને લાવવામાં આવેલ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં બાલવાટિકાથી ધોરણ આઠના તમામ વિદ્યાર્થીઓએ ભેગા મળી ૧૫૦થી પણ વધારે વાનગીઓનું નિદર્શન કર્યું હતું અને સૌએ સાથે મળીને આ વાનગીઓનો સ્વાદ માણ્યો હતો.

'હેલ્ધી ફૂડ ફેસ્ટિવલ' અંતર્ગત વિદ્યાર્થીઓને સ્વાસ્થ્યની જાળવણી માટે સારા આહારની ઉપયોગિતા, ખોરાકમાં જુદા જુદા મિલેટ્સના ઉપયોગ, મિલેટ્સમાં રહેલા કાર્બોહાઈડ્રેટ્સ અને ફાઈબરના પ્રમાણ, ખોરાકમાંથી મળતા પોષક તત્વો, રોજિંદા આહારમાં વિવિધ કઠોળ અને લીલા શાકભાજીનો સમાવેશ, જીવનમાં આરોગ્યનું મહત્વ, પૌષ્ટિક આહાર અને સ્વસ્થ જીવનશૈલી સહિતની બાબતો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

'હેલ્ધી ફૂડ ફેસ્ટિવલ' અંતર્ગત શાળાના બાળકોને મુખ્ય અતિથિ શ્રી ડૉ. ચિરાગભાઈ પ્રજાપતિ, સી.આર.સી.કો. ઓર્ડીનેટર શ્રી મુસ્તુફાભાઈ, આચાર્ય શ્રી સહિત શાળાના શિક્ષકો દ્વારા વિવિધ વિષયો અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વધુમાં, વિદ્યાર્થીઓને પાણીની બચત, પર્યાવરણનું રક્ષણ અને વિશ્વ ચકલી દિવસ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહીં? એ બાળગીતની ચકલી ક્યાં ગઈ? મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની ગામે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે મહીસાગર નેચર અને એડવેન્ચર ફાઉન્ડેશન મહીસાગર વન વિભાગ દ્વારા વિશ્વ ચકલી દિવસ (World Sparrow Day.) નિમિત્તે તારીખ ૨૦/૩/૨૦૨૫ ને ગુરુવારના રોજ મનાવવામાં આવ્યો. શ્રી આઈ. એન . સિંધી સાહેબ, શ્રી પી. કે. વાગડિયાભાઈ તેમજ શ્રી ભરતભાઈ એ. પંડ્યા (પત્રકાર) દ્વારા ૫૦૦/-માળાઓનું વિતરણ કરવામાં આવ્યું. ઈકો સિસ્ટમમાં જૈવ વિવિધતા અને વનસ્પતિ વૃદ્ધિ માટે ચકલીઓ મહત્વપૂર્ણ છે. અને તેઓ બીજ ખાય છે તે ઉત્સર્જન કરે છે જે છોડના બીજ ફેલાવવામાં અને વનસ્પતિને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. હાલમાં ચકલીઓની વસ્તી ઘટી રહી છે માટે ચકલીઓની વસ્તીને સંતુલિત રાખવા તથા માનવને ચકલીઓનું મહત્વ સમજાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે. ઘર ચકલી ડોમેસ્ટિક કેટેગરીમાં આવતું એક પક્ષી છે. શહેરી વિસ્તારોમાં ચકલીઓની છ પ્રકારની પ્રજાતિઓ જોવા મળે છે. આમાંથી ખાવું સ્પેરોને ગુજરાતમાં "ચકલી" અને હિન્દીમાં "ગોરીયા" કહેવાય છે.

# લીમડી મુકામે પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા લુપ્ત થતી ચકલીઓને બચાવવા પહેલ કરાઇ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

આજરોજ પ્રકૃતિ મિત્ર મંડળ લીમડી દ્વારા ૫૦૦ જેટલા ચકલી ઘરનુ વિતરણ કરાયું. વિશ્વ ચકલી દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૭ વર્ષથી ચકલી ઘરનુ કરવામાં આવે છે. લીમડી વિસ્તારમાં આ પહેલથી મોટા ભાગના વિસ્તારોમાં ચકલીઓ ફરી આકાશમાં ઊડતી નજરે પડી છે. પ્રકૃતિ મિત્ર મંડળ લીમડીની આ પહેલમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા અને પોતાના ઘર આગળ ચકલી ઘર અને તેઓને પીવાના પાણીની સુવિધા કરાઈ. આજરોજ ૫૦૦ જેટલા ચકલી ઘરનુ વિતરણ કરવામાં આવ્યું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સંત નગાલખા બાપા-ઠાકરધામના પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ગોપજ્ઞાન ગાથામાં ઉપસ્થિતિ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય સનાતન સંસ્કૃતિના પુનઃસ્થાપનનો યુગ શરૂ થયો

। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ધોલેરા નજીક બાવળીયાળીમાં સંત શ્રી નગાલખા બાપા-ઠાકરધામના પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ગોપજ્ઞાન ગાથામાં ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભરવાડ સમાજના લોકોને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે, ભરવાડ સમાજ 'ઠાકર કરે ઈ ઠીક'ના વિચાર સાથે ભગવાન સઘળું સારું કરશે તેવી આસ્થા રાખનારો સમાજ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય સનાતન સંસ્કૃતિના પુનઃસ્થાપનનો યુગ શરૂ થયો છે.

દેશભરના દેવસ્થાનોને આધુનિક થવા સાથે ભવ્ય અને દિવ્ય બની રહ્યા છે. વિરાસતથી વિકાસની આ યાત્રામાં નાનામાં નાનો નાગરિક પણ જોડાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે. એમ તેમણે ઉમેર્યું હતું. વર્ષ ૨૦૨૫ને ગૌરવપૂર્ણ સંયોગ ગણાવતા તેમણે કહ્યું કે, આ વર્ષે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતી, બિરસા મુંડાની ૧૫૦મી જયંતિ, પૂર્વ વડાપ્રધાનશ્રી અટલબિહારી વાજપેયીજીની ૧૦૦મી જયંતિ તથા બંધારણના અમૃત મહોત્સવની ઉજવણીનું વર્ષ છે. ઠાકરધામની પ્રતિષ્ઠાના પણ ૩૭૫ વર્ષ પૂર્ણ પર પુનઃપ્રાણપ્રતિષ્ઠાનો સુભગ સમન્વય સર્જાયો છે. આ અવસરે મહિલાઓના હૂડો રાસને આભૂતપૂર્વ ગણાવી વિક્રમ રચવા બદલ મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભગવાન શ્રી કૃષ્ણના ઉપાસક ગોપાલક સમાજનું પશુપાલન ક્ષેત્રે પણ મોટું યોગદાન છે. રચનાત્મક પ્રવૃતિઓમાં પણ સમાજની એકતાના દર્શન કરાવી સમાજમાં વિશ્વાસનું વાતાવરણ સર્જ્યું છે. ભરવાડ સમાજે રૂઢિગત પરંપરાઓને તિલાંજલિ આપી આધુનિક પ્રગતિશીલ પરંપરા અપનાવી શિક્ષણ અને તાલીમ દ્વારા પરિવર્તનશીલ સમાજનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. એમ તેમણે ઉમેર્યું હતું. સરકારના પ્રયાસોમાં સમાજના પ્રયાસો જોડાય ત્યારે બમણી પ્રગતિ થાય છે. વડાપ્રધાનશ્રીના આ વિધાનને ટાંકી તેમણે સંત શ્રી નગાલાખા ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી ચાલતી સામાજિક પ્રવૃત્તિઓને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવી હતી. અંતે તેમણે એક પેડ મા કે નામ, કેચ ધ રેઈન, સ્વચ્છ ભારત, મેદસ્વીતા મુક્ત ભારત અભિયાન જેવા પ્રકલ્પોમાં જોડાવવાની જન અપીલ કરી હતી.

વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા જીનિયસ ફાઉન્ડેશનના CEO શ્રી પાવન સોલંકીના હસ્તે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં મહંત શ્રી રામબાપુને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સંત શ્રી નગાલખા - ઠાકરધામ ખાતે દર્શન અને પૂજન-અર્ચન કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય સર્વ શ્રી જીતુભાઈ વાઘણી, શ્રી કાળુભાઈ ડાભી, કિરીટસિંહ ડાભી પૂર્વ ધારાસભ્ય શ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી લાખાભાઈ ભરવાડ તેમજ ઠાકરધામના મહંત શ્રી રામબાપુ, તોરણીયા ધામના મહંત શ્રી રાજેન્દ્રદાસજી બાપુ તથા ભરવાડ સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. મિત્રતા ગાઢ બનતા તેનું રૂપાંતર પ્રેમમાં થશે. કામના સ્થળે આકાર લઈ રહેલા ફેરફારથી તમને લાભ થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે પરિસ્થિતિ ને સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવાની અપેક્ષા છે.તમારા સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે.

**કર્ક (ડ,હ) :**
તમે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયત્ન કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારી મદદની જરૂર હોય એવા મિત્રની મુલાકાત લેજો. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજનો દિવસ તમારા માટે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો છે. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ ચિંતાનું કારણ બનશે. આજે તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો, કેમ કે તમારું પ્રિયપાત્ર સૌથી શ્રેષ્ઠ છે. આજે નવી ભાગીદારી આશાસ્પદ ઠરશે.

**તુલા (ર,ત) :**
આજે તમે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ તમારો મૂડ બગાડી શકે છે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારો દિવસ સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ છે . તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે જીત ની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો-તમારા મિત્રો સાથે વધુ સમય વિતાવો-એનાથી તમને સારું લાગશે.

## સંતાનો પૂરતી કાળજી ન લે તો માતાપિતા ગિફ્ટ ડીડ રદ કરી શકે છેઃ મદ્રાસ હાઇકોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

મદ્રાસ હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે જો સંતાનો અથવા નજીકના સંબંધીઓ તેમના વડીલોની યોગ્ય કાળજી ન રાખે તો વરિષ્ઠ નાગરિકો બાળકોના નામે કરવામાં આવેલા ગિફ્ટ ડીડને રદ કરી શકે છે. ગિફ્ટ ડીડમાં માતાપિતાની કાળજી રાખવાની શરત ન રાખવામાં આવી હોય તો પણ તેઓ ભેટમાં આપેલી મિલકતને પરત લઈ શકે છે.ન્યાયાધીશ એસ એમ સુબ્રમણ્યમ અને કે રાજશેખરની બનેલી ડિવિઝન બેન્ચે મૃતક એસ નાગલક્ષ્મીની પુત્રવધૂ એસ માલાએ દાખલ કરેલી અરજીને ફગાવી દીધી હતી. નાગલક્ષ્મીએ તેમના પુત્ર કેશવનની તરફેણમાં સેટલમેન્ટ ડીડ કરીને મિલકત ટ્રાન્સફર કરી હતી. તેમને આશા હતી કે પુત્ર અને પુત્રવધૂ જીવનભર તેમની સંભાળ રાખશે, પરંતુ તેઓ પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ રહ્યાં હતાં પુત્રના મૃત્યુ પછી તેમની પુત્રવધૂએતેમનીઅવગણનાકરીહતી. તેથી નાગલક્ષ્મીએ નાગપટ્ટનમના RDOનો સંપર્ક કર્યો હતો. આરડીઓએ કરાર રદ કર્યો હતો. તેથી માલાએ આરડીઓના નિર્ણયને કોર્ટમાં પડકાર્યો હતો. ખંડપીઠે જણાવ્યું હતું કે માતા અને પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરપોષણ અને કલ્યાણ ધારો ૨૦૦૭ની કલમ ૨૩(૧) વરિષ્ઠ નાગરિકોને એવા સંજોગોમાં સુરક્ષા આપે છે કે જેમાં વડીલો તેમની મિલકત ભેટ અથવા કરાર દ્વારા ટ્રાન્સફર કરે છે અને એવી રાખે છે કે મિલકત લેનારા તેમની મૂળભૂત સુવિધાઓની કાળજી રાખશે. જો મિલકત લેનારા આ જવાબદારીઓમાં નિષ્ફળ થાય તો સિનિયર સિટિઝનો ટ્રાન્સફરને રદ કરવા માટે ટ્રિબ્યુનલમાં લઈ શકે છે. આ કાયદો સ્વીકારે છે કે વરિષ્ઠ નાગરિકો મોટાભાગે પ્રેમ અને સ્નેહને કારણે તેમના સંતાનો કે નજીકના સંબંધીને મિલકત ટ્રાન્સફર કરતાં હતા. મિલકત ટ્રાન્સફર કરવાનો વરિષ્ઠ નાગરિકોને નિર્ણય માત્ર કાનૂની પગલું હોતું નથી, પરંતુ એક એવી આશા હોય તો વૃદ્ધાવસ્થામાં તેમની સંભાળ રાખવામાં આવશે. આ પ્રેમ અને સ્નેહ ટ્રાન્ઝેક્શનમાં ગર્ભિત શરત બની જાય છે, ભલે ટ્રાન્સફર દસ્તાવેજમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ ન કરાયો હોય.

### નેશનલ હાઈવે પર ૬૦ કિમી પહેલા ટોલ બૂથ નહીં આવે

## ગ્રાહકોને ટોલ ચાર્જમાં વાજબી રાહત આપતી નવી નીતિ ટૂંકમાં: ગડકરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

કેન્દ્ર સરકારે નેશનલ હાઈવે પર ટોલ ચાર્જના નિયમોમાં સુધારા કરવાની સાથે નવી ટોલ નીતિ જાહેર કરવા તૈયારી હાથ ધરી છે. કેન્દ્રિય માર્ગ-પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, હાઈવે પર ૬૦ કિમી પહેલા ક્યાંય પણ ટોલ બૂથ ન આવે તેવું આયોજન કરવામાં આવશે. એકંદરે નવી નીતિથી વપરાશકારોને ઘણી રાહત મળશે. રાજ્યસભામાં કેન્દ્રિય મંત્રી ગડકરીએ કહ્યું હતું કે, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે સરકાર અતિશય ખર્ચ કરી રહી છે અને તેથી ચાર્જ લેવા અનિવાર્ય છે. સારા રોડ જોઈતા હોય તો તેના માટે તમારે ચૂકવણું કરવું પડશે, આ નીતિ પર વિભાગ અડગ છે. આસામમાં ૨૩ લાખ કરોડનો ખર્ચ કરવાની સરકારની યોજના




છે. નવા રોડ બનાવવા માટેનું ફંડ બજારમાંથી ઊભું કરવામાં આવે છે અને ટોલ વગર આ ફંડ ઊભું કરવાનું શક્ય નથી. આમ છતાં વપરાશકારો પર વધારે બોજ ના પડે તેનું ધ્યાન રખાય છે. ગડકરીએ કહ્યું હતું કે, ટોલ માત્ર ફોર લેન પર લેવાય છે. બે લેનના રસ્તા પર ટોલ લેવાતો નથી. ટોલ પ્લાઝા સંદર્ભે ૨૦૦૮માં બનેલા નિયમો અંતર્ગત નેશનલ હાઈવે પર એક જ દિશામાં ૬૦ કિમી સુધી બીજું ટોલબૂથ હોવું જોઈએ નહીં. આ નિયમનું કેટલાક સ્થળે પાલન નહીં થતું હોવાનું ગડકરીએ સ્વીકાર્યું હતું. તેમણે કહ્યું હતું કે, નવી ટોલ પોલિસીમાં આ સમસ્યા દૂર થઈ જશે. નવી ટોલ નીતિથી વપરાશકારોને ઘણી રાહત મળશે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતમાં ૬૪,૮૦૯.૮૬ કરોડનું કુલ ટોલ કલેક્શન થયું હતું. આગામી છ મહિનામાં ઈલેક્ટ્રિક વાહનોની કિંમત અને પેટ્રોલથી ચાલતાં વાહનોની કિંમત સરખી થઈ જશે તેમ કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સરકારની નીતિ આયાત ઘટાડવાની સાથે જ ખર્ચઅસકારક અને પ્રદૂષણ મુક્ત સ્વદેશી ઉત્પાદનને વેગ આપવાની છે.

### ઈલોન મસ્ક મુશ્કેલીમાં મૂકાયા

## ડાબેરીઓ દ્વારા ટેસ્લાના વાહન અને ડીલરશિપ પર હિંસક હુમલા

। (એજન્સી) સિએટલ, તા.૨૦ ।

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકારમાં એલન મસ્કને વગદાર ભૂમિકા મળ્યા પછી અમેરિકા અને વિદેશમાં મસ્કની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાનો લોગો ધરાવતી સંપત્તિઓ પર હિંસક હુમલામાં મોટો વધારો થયો છે. ટેસ્લાના શોરૂમ, વ્હિકલ સ્ટોક, ચાર્જિંગ સ્ટેશન અને ખાનગી માલિકીની ટેસ્લા કારને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યાં છે. તાજેતરમાં કેનેડામાં સલામતીના કારણોસર ટેસ્લાને ઈન્ટરનેશનલ ઓટો શોમાંથી દૂર કરાઈ હતી.પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળી અને મસ્કને સરકારી ખર્ચમાં ઘટાડો કરતા નવા ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીના વડા બનાવ્યા ત્યારથી ટેસ્લા પરના હુમલાઓમાં મોટો વધારો થયો છે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં લોકોના વિરોધ પ્રદર્શનનું સ્થળ સામાન્ય રીતે ટ્રમ્પની પ્રોપર્ટી રહેતી હતી.

### લોકશાહી દેશમાં તંત્રએ 'પોલીસ રાજ'ની જેમ વર્તવું જોઈએ નહીં

## જામીન અરજીઓ ફગાવી દેવાના પ્રમાણમાં વધારો ચિંતાજનકઃ સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

અતિશય ગંભીર પ્રકારના કેસ ન હોવા છતાં ટ્રાયલ કોર્ટ દ્વારા જામીન અરજીઓ ફગાવી દેવાના વલણને સુપ્રીમ કોર્ટે ચિંતાજનક ગણાવ્યુ હતું. કોર્ટે ઠરાવ્યુ હતું કે, લોકશાહી દેશમાં તંત્રએ પોલીસ રાજની જેમ કામ કરવું જોઈએ નહીં. પોલીસ કે અન્ય એન્ફોર્સમેન્ટ એજન્સી પોતાની સત્તાનો ઉપયોગ કરી કોઈ નક્કર કારણો કે જરૂરિયાત વગર વ્યક્તિને ગોંધી રાખે તે યોગ્ય નથી. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે નોંધ્યું હતું કે, બે દાયકા અગાઉ આ પ્રકારના કેસમાં જામીનની અરજીઓ ભાગ્યે જ હાઈકોર્ટ સુધી પહોંચતી હતી અને સુપ્રીમ કોર્ટ સુધી તો એકાદ કેસ જ આવતો હતો. ટ્રાયલ કોર્ટના સ્તરે જેવી જામીન અરજીઓનો નિકાલ થઈ જવો જોઈએ, તેવી અરજીઓ સુપ્રીમ કોર્ટ સુધી આવી રહી છે. આ બાબત ચિંતાજનક છે અને તેના કારણે બિનજરૂરી ભારણ વધે છે. એક જામીન અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે અરજદારના જામીન મંજૂર કર્યા હતા. કેસની વિગતો મુજબ, ઠગાઈના કેસમાં એક આરોપી છેલ્લા બે વર્ષથી કસ્ટીમાં છે. કેસની તપાસ પૂરી થયા બાદ ચાર્જશીટ ફાઈલ થઈ ગઈ હતી. આમ છતાં ટ્રાયલ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટે તેની જામીન અરજી ફગાવી હતી. આરોપીના જામીન મંજૂર કરતાં સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, આરોપીએ તપાસમાં સહકાર આપેલો છે અને તપાસ દરમિયાન પણ તેની ધરપકડ પણ કરવામાં આવી ન હોતી. ચાર્જશીટ થયા પછી તેને કસ્ટડીમાં લેવાનું વલણ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ ચાલવી જોઈએ તેવી જામીન અરજીઓ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચવાની ઘટના કમનસીબ છે. જામીન મળવાપાત્ર હોવા છતાં લોકોને જામીન મળતા નથી, તેવું કહેતા દુઃખ થાય છે.

### ૨૦૨૪ના ચાર મહિનામાં જ

## ગેમિંગ સાઇટ્સ પર રૂ.૧.૬ અબજ જેટલી વિઝિટ થઈઃ ક્રાઇમ બ્રાન્ચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ગેમિંગ એપમાંથી રૂપિયા કાઢી લેવા માટે અલગ અલગ બેંકના કર્મચારીઓને રૂપિયાની લાલચ આપી કોડ મેળવીને સાત કરોડથી વધુનું કૌભાંડ આચરવાના મુદ્દે પકડાયેલા આરોપીએ કરેલી જામીન અરજીમાં તપાસનીશ અધિકારીએ કોર્ટમાં એફિડેવિટ રજૂ કરી છે. જેમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, દેશમાં ગેરકાયદે રીતે ઓપરેટર થતા ઓનલાઈન સટ્ટા બેટીંગમાં વધારો થયો છે. ડિજિટલ ઈન્ડિયા ફાઈન્ડેશનના રિપોર્ટ મુજબ ઓક્ટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ગેમીંગ સાઈટો ઉપર ૧.૬ અબજ જેટલી વિઝિટ કરવામાં આવી છે. જેના લીધે દેશનું યુવાધન જે માર્ગે જઈ રહ્યું છે, તેની ખૂબ જ નકારત્મક અસર તેના કુંટુબ અને અંતે ભારતીય સામાજિક-આર્થિક વ્યવસ્થા પર પડી છે. બીજી તરફ કોર્ટે જામીન અરજીનો ચૂકાદો અનામત રાખ્યો છે. ઈ-કોમર્સ સાઈટને કરોડોનો ચૂનો લગાવવાના કૌભાંડનો પર્દાફાશ કરી વિજય અમરાભાઈ વાઘેલા સહિત ત્રણ આરોપીની જાન્યુઆરી માસમાં ધરપકડ કરીન જેલમાં મોકલાયા હતા. દરમિયાનમાં આરોપી વિજય વાઘેલાએ જામીન મેળવવા માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, મને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે, મારો કોઈ જ રોલ નથી, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છું તેથી જામીન આપવા જોઈએ. જોકે, તપાસનીશ અધિકારીએ મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટ મારફતે એફિડેવિટ કરીને કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, ઈ-કોમર્સ વેબસાઈટ હોય છે, જેમાં નાગરિકોનો ભરોસો હોય તે પ્રમાણે તેઓ નાણાં મર્ચન્ટને ચૂકવતા હોય છે. આરોપીએ કોમર્સન વેબસાઈટ હેક કરીને પ્રાઈઝ મેનિપ્યુલેટ કરીને ઠગાઈ આચરી છે.

## EDએ ૧૦ વર્ષમાં નેતાઓ વિરુદ્ધ કર્યા હતા ૧૯૩ કેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ED)એ છેલ્લા ૧૦ વર્ષમાં કેટલા રાજકીય નેતાઓ વિરુદ્ધ કેસ નોંધ્યા છે, તે અંગે રાજ્યસભામાં પ્રશ્ન પૂછવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારે ડેટા રજુ કર્યો છે. કેન્દ્ર સરકાર તરફથી નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જવાબમાં કહ્યું છે કે, EDએ છેલ્લા ૧૦ વર્ષમાં વર્તમાન અને પૂર્વ સાંસદો, ધારાસભ્યો, વિધાન પરિષદના સભ્યો અને રાજકીય નેતાઓ વિરુદ્ધ કુલ ૧૯૩ કેસ નોંધ્યા છે, જેમાંથી માત્ર બે કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. રાજ્યસભા સાંસદ જાણવા માગતા હતા કે, ઈડીએ છેલ્લા ૧૦ વર્ષમાં કેટલા સાંસદો, ધારાસભ્યો અને સ્થાનીક વહિવટીતંત્રના સભ્યો વિરુદ્ધ કેસ નોંધ્યા છે.

### રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીની મોટી જાહેરાત

## '૬ મહિનામાં પેટ્રોલ ગાડીઓ જેટલી કિંમતે વેચાશે ઈલેક્ટ્રિક વ્હિકલ'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક મોટી જાહેરાત કરતા કહ્યું કે આગામી ૬ મહિનામાં દેશભરમાં ઈલેક્ટ્રિક વાહનો ના ભાવ પેટ્રોલ વાહનો જેટલા જ થઈ જશે. નીતિન ગડકરીએ ૩૨મા કન્વર્જન્સ ઈન્ડિયા અને ૧૦મા સ્માર્ટ સિટીઝ ઈન્ડિયા એક્સ્પોને સંબોધન કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.ગડકરીએ કહ્યું કે ૨૧૨ કિલોમીટર લાંબા દિલ્હી-દહેરાદૂન એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવેનું બાંધકામ આગામી ત્રણ મહિનામાં પૂર્ણ થઈ જશે. આ ઉપરાંત ગડકરીએ જણાવ્યું હતું કે સરકારની નીતિ આયાત અવેજી, ખર્ચ અસરકારકતા, પ્રદૂષણ મુક્ત અને સ્વદેશી ઉત્પાદનની છે. કેન્દ્રીય મંત્રી ગડકરીએ વધુમાં કહ્યું કે ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે, દેશને તેના માળખાગત ક્ષેત્રને સુધારવાની જરૂર છે. સારા રસ્તા બનાવીને આપણે આપણા લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડી શકીએ છીએ.

### સૌથી વધુ અમરાઇવાડીના સાત

## એક દિવસમાં ૨૧ જેટલા માથાભારે તત્ત્વોને પાસા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

મદ્રાસ હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે જો સંતાનો અથવા નજીકના સંબંધીઓ તેમના વડીલોની યોગ્ય કાળજી ન રાખે તો વરિષ્ઠ નાગરિકો બાળકોના નામે કરવામાં આવેલા ગિફ્ટ ડીડને રદ કરી શકે છે. ગિફ્ટ ડીડમાં માતાપિતાની કાળજી રાખવાની શરત ન રાખવામાં આવી હોય તો પણ તેઓ ભેટમાં આપેલી મિલકતને પરત લઈ શકે છે. ન્યાયાધીશ એસ એમ સુબ્રમણ્યમ અને કે રાજશેખરની બનેલી ડિવિઝન બેન્ચે મૃતક એસ નાગલક્ષ્મીની પુત્રવધૂ એસ માલાએ દાખલ કરેલી અરજીને ફગાવી દીધી હતી. નાગલક્ષ્મીએ તેમના પુત્ર કેશવનની તરફેણમાં સેટલમેન્ટ ડીડ કરીને મિલકત ટ્રાન્સફર કરી હતી. તેમને આશા હતી કે પુત્ર અને પુત્રવધૂ જીવનભર તેમની સંભાળ રાખશે.

# વિકસિત રેલ વિકસિત ભારત – "વર્લ્ડ ક્લાસ" થી "બેસ્ટ ક્લાસમા"



એમ. જમશેદ

। નવી દિલ્હી ।

ભારતીય રેલવે, ભારતની વિકાસગાથાનો વાઘ, વિશ્વની સૌથી નોંધપાત્ર અને ઓછી ચર્ચા થયેલી વાર્તાઓમાંની એક છે કે કેવી રીતે માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી-માઈન્ડેડ જાહેર નીતિમાં વ્યૂહાત્મક રોકાણો રાષ્ટ્રીય વિકાસ માટે ઘાતાંકીય લાભદાયી બની શકે છે. છેલ્લા દાયકા (૨૦૧૪-૨૦૨૪) દરમિયાન ભારતીય રેલવેએ કરેલી પ્રગતિ તેના વિકાસ અને વિકાસનો સુવર્ણકાળ હોઈ શકે છે, અને આ સિસ્ટમ આજે વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા રેલવે નેટવર્કમાંની એક છે. તો, ભારતની વાર્તાને શું અલગ પાડે છે અને વિકાસ માટે સમાન મહત્વાકાંક્ષાઓ ધરાવતા દેશો અને પ્રદેશો માટે તેને એક પાઠ બનાવે છે? મુખ્ય બાબત એ હતી કે જાહેર નીતિનો અભિગમ, જેનો સારાંશ એ રીતે આપી શકાય કે રેલવેનું આયોજન ભારત અને ભારત માટે કરવામાં આવ્યું છે.

આનો અર્થ એ થયો કે સામાન્ય વ્યક્તિ માટે રેલવે તરીકેની તેની મહત્વપૂર્ણ ભૂમિકામાં સિસ્ટમ વિશ્વ કક્ષાની અને સસ્તી હોવી જોઈએ, ભારતના ૨૨.૪ મિલિયન લોકોના દૈનિક પ્રયાસો સાથે હાથ મિલાવીને, જેઓ તેમના આર્થિક જીવનના ભાગ રૂપે આ સેવાનો ઉપયોગ કરે છે - અને તે એક એવી સિસ્ટમ તરીકે સમાંતર રીતે વિકાસ પામવી જોઈએ જે ભારતના ઉદ્યોગ, વાણિજ્ય અને ૩૫ ટ્રિલિયન અર્થતંત્રની મહત્વાકાંક્ષાને ટેકો આપે છે.

આ માટે વ્યવસાય ચલાવવાની રીતમાં ક્રાંતિ લાવવાની જરૂર હતી. ભૂતકાળમાં રેલવે તેના ધીમા વિકાસ દર, આધુનિકીકરણ અને માળખાગત ક્ષમતા સંતૃપ્તિ વગેરે માટે શાસ્ત્રીય ટીકાનો ભોગ બનતી હતી. તે હજુ પણ એવા લોકો તરફથી આવે છે જેઓ પર્યાપ્ત જ્ઞાન વિના શાસ્ત્રીય પ્રાચીન માનસિકતામાં અટવાયેલા છે. દા.ત. ૧૯૫૦ થી નેટવર્ક વૃદ્ધિને ધીમે ધીમે માત્ર ૬૮૦૦૦ કિમી સુધી વધારવા માટે ટીકા કરવામાં આવે છે, તે જાણ્યા વિના કે ક્ષમતા વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ વૃદ્ધિ ટ્રેક કિલોમીટરની છે જે આજે ૧૩૨૦૦૦ કિમીથી વધુ થઈ ગઈ છે.

પાછલા દાયકાના પ્રદર્શન સાથે તેની કામગીરીની દસ વર્ષની વ્યાપક સરખામણી આ વાતને સાબિત કરે છે. ૨૦૧૪-૨૦૨૪ દરમિયાન, કુલ ૩૧૦૦૦ કિમી નવા ટ્રેક નાખવામાં આવ્યા હતા જે ૨૦૦૪-૨૦૧૪ દરમિયાન ૧૪૯૦૦ હતા. તેવી જ રીતે સંચિત માલવાહક લોડિંગ વધીને ૧૨૬૬૦ મિલિયન ટન એટલે કે ૮૪૭૩ મિલિયન ટન થયું, IR એ ૮.૬૪ લાખ કરોડ રૂપિયાની સામે ૧૮.૫૬ લાખ કરોડ રૂપિયાની આવક ઉત્પન્ન કરી, વીજળીકરણ, ૫૧૮૮ કિમીની સામે ૪૪૦૦૦ કિમીથી વધુ કાર્બન ફૂટપ્રિન્ટ્સ પર બચત, ૨૭૪૧ કિમીના વિશ્વ કક્ષાના સમર્પિત માલવાહક કોરિડોર જે અગાઉના દાયકામાં શૂન્ય હતા, લોકોનું ઉત્પાદન ૪૬૯૫ થી વધીને ૯૧૬૮ અને કોચનું ઉત્પાદન ૩૨૦૦૦ થી વધીને ૫૪૦૦૦ થયું. ઉત્પાદકતા અને પ્રદર્શન સૂચકાંકોના તમામ પરિમાણોમાં IR એ નવા રેકોર્ડ બનાવ્યા છે.

રેલવે બજેટને મુખ્ય બજેટ સાથે મર્જ કરીને મોટો સુધારો આવ્યો, જે ઘણા સ્ટીમ યુગના વિચાર ધરાવતા બૂમર્સ હજુ પણ કોઈ સ્પષ્ટ કારણોસર ચૂકી ગયા છે.

રેલવે, જે નાણાકીય અભાવને કારણે સંસાધનોના પાતળા ફેલાવાને કારણે મુશ્કેલીમાં મુકાઈ હતી અને મંજૂર થયેલા પ્રોજેક્ટ્સના વિશાળ શેલ્ફનો ભોગ બની હતી, તેણે છેલ્લા દાયકા દરમિયાન ૮.૨૫ લાખ કરોડ રૂપિયાનો GBSનો કેન્દ્રિત ઈનફ્લો જોયો, જે અગાઉના દસ વર્ષમાં ફક્ત ૧.૫૬ લાખ કરોડ રૂપિયા હતો.

રેલવે ટૂંક સમયમાં શ્રીનગર સુધીની પહેલી ટ્રેન દોડાવવાની છે, જેમાં ખીણ સુધીના ટ્રેકનું કામ પૂર્ણ થઈ ગયું છે, જેમાં કેટલાક સૌથી ઊંચા અને ઊંચા પુલ અને સૌથી લાંબી રેલ ટનલનો સમાવેશ થાય છે જે વિશાળ પર્વતો વચ્ચે નેટવર્કને જોડે છે.

IR તેની સીમલેસ કનેક્ટિવિટી માટે ૧૦૦% વીજળીકરણ પ્રાપ્ત કરનાર પ્રથમ મુખ્ય રેલવે બનવા જઈ રહ્યું છે, જે અશ્મિભૂત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડશે અને કાર્બન ફૂટપ્રિન્ટમાં ભારે ઘટાડો કરશે.

સમગ્ર રેલવે નેટવર્કમાં અથડામણ વિરોધી KAVACH નો પ્રસાર પણ મિશ્ર ટ્રાફિક રેલવે પ્રણાલીમાં સૌથી મોટો છે.

ભારતીય ટ્રેનો પણ 'વિશ્વ કક્ષા' થી આગળ વધી રહી છે. ભારતીય રેલવેએ સ્થાનિક જરૂરિયાતો સાથે અદ્યતન વૈશ્વિક ટેકનોલોજીઓનું સફળતાપૂર્વક મિશ્રણ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય સુરક્ષિત, ઝડપી, સ્વચ્છ અને વધુ આરામદાયક ટ્રેનો બનાવવાનો છે, જેથી IR બધા માટે સુલભ બને તેની ખાતરી કરવા માટે પરવડે તેવી ક્ષમતાને ધ્યાનમાં રાખીને.

રેલવે પોતાના અનોખા બિઝનેસ મોડેલ સાથે, તેના માલસામાનની આવકમાંથી મુસાફરોના વ્યવસાય વિભાગના નુકસાનને સહન કરે છે અને છતાં નફાકારક રહે છે. મુખ્ય વિકસિત રેલવે સિસ્ટમો કાં તો ખાનગીકરણ કરવામાં આવે છે અને ઊંચા ટેરિફ નક્કી કરવા માટે સ્વતંત્ર હોય છે અથવા તેમના નુકસાન માટે સરકારી સબસિડી પર આધાર રાખે છે, તેનાથી વિપરીત, IR તેના તમામ સંચાલન અને કાર્યકારી ખર્ચાઓનું ધ્યાન રાખે છે અને તેના કેપેક્સ માટે કુલ બજેટરી સપોર્ટ મેળવે છે. તેના આવક જનરેશન લક્ષ્યાંકો, અન્ય સ્થિતિઓથી સખત સ્પર્ધા હોવા છતાં અને સંપૂર્ણપણે મેળવેલી માંગ પર આધાર રાખીને, સફળતાપૂર્વક પ્રાપ્ત થાય છે અને વર્ષ-દર વર્ષે રેકોર્ડ પ્રદર્શનની નોંધણી કરે છે. આ વાત બૂમર અને ૯૦ના દાયકાના બાળકો માટે આશ્ચર્યજનક હોઈ શકે છે જેઓ ભારતમાં નમ્ર યુગને યાદ કરે છે. "નિકાસ ગુણવત્તા" તરીકે ઓળખાતી કોઈપણ વસ્તુની કિંમત પ્રીમિયમ રાખવામાં આવતી હતી, જેમાં શ્રેષ્ઠ ઉત્પાદનો - જેને વિશ્વ કક્ષાના તરીકે વર્ણવવામાં આવતા હતા - યુરોપ અને અમેરિકાના સમૃદ્ધ રાષ્ટ્રો માટે અનામત રાખવામાં આવતા હતા. ભારતીયોને ઘણીવાર ખોટી સામાજિક-આર્થિક વિચારસરણીના આડમાં હલકી ગુણવત્તાવાળા માલ અથવા સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી. પેઢીઓને ભારતીય રેલવે જેવી મહત્વપૂર્ણ સેવાઓ માટે પણ તેમની અપેક્ષાઓ ઓછી કરવાની ફરજ પડી હતી. જોકે, ૨૦૧૪ પછી સરકારનું ધ્યાન વિકાસ અને માળખાગત સુવિધાઓના નિર્માણ તરફ નિશ્ચિતપણે પ્રગતિશીલ અને પ્રેરક અભિગમ અપનાવવામાં આવ્યું છે. આધુનિક ભારત એક રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટરને પાત્ર છે જે નવીનતાના અભાવ અને રૂઢિચુસ્ત આંતરિક દૃષ્ટિકોણવાળા એજન્ડાથી મુક્ત હોય. આ પ્રગતિ રેલવેના આવશ્યક ઘટકો માટે સ્થાનિકીકરણનું ઉચ્ચ સ્તર જાળવી રાખીને અને ઉત્પાદન સુવિધાઓને અભૂતપૂર્વ સ્તરે વધારીને પ્રાપ્ત થઈ છે. વંદે ભારત ટ્રેનો અને તેના પ્રકારો નોંધપાત્ર ધ્યાન આકર્ષિત કરે છે, પરંતુ ભારતીય રેલવેની પ્રાથમિકતાઓમાં ઊંડા ઉતરવાથી અન્ય ઘણા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રયાસો જોવા મળે છે.

ભારત હવે આગામી મહિનાઓમાં વિશ્વની સૌથી શક્તિશાળી હાઈડ્રોજન ટ્રેનો શરૂ કરવા માટે તૈયાર છે. આ ૧,૨૦૦-હોર્સપાવર (HP) લોકોમોટિવ્સના વિકાસને ઓપરેશન સ્માઈલિંગ બુદ્ધા સાથે સરખાવી શકાય છે, જેણે ભારતને વૈશ્વિક નકશા પર પરમાણુ મહાસત્તા તરીકે સ્થાપિત કર્યું. નોંધપાત્ર રીતે, ભારત હવે આ દિશામાં આગળ વધી રહ્યું છે, "વિકસિત" રાષ્ટ્રોને પાછળ છોડી રહ્યું છે, હજુ પણ અડધા શક્તિશાળી હાઈડ્રોજન ટ્રેનો બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. મહત્તમ સલામતી સુનિશ્ચિત કરવા માટે, જર્મનીના TUV-SUD એ ભારતની હાઈડ્રોજન ટ્રેનોનું તૃતીય-પક્ષ ઓડિટ હાથ ધર્યું છે.

વિશ્વની સૌથી લાંબી હાઈપરલૂપ ટેસ્ટ સુવિધાની સ્થાપના સાથે, ભારત ભવિષ્યમાં પરિવહનના ક્ષેત્રમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી રહ્યું છે. ડિસેમ્બર ૨૦૨૪ માં ૪૨૨-મીટર ટેસ્ટ ટ્રેક સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી, દેશ હવે હાઈપરલૂપ મુસાફરીની વ્યાપારી શક્યતાનું મૂલ્યાંકન કરવા માટે લગભગ ૫૦-કિલોમીટર ટેસ્ટ ટ્રેક બનાવવાની તૈયારી કરી રહ્યો છે.

એલોન મસ્ક-સમર્થિત સ્વિસપોડ અને ફ્રાન્સની સિસ્ટ્રા સાથે કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સહયોગ અને વધતી જતી વૈશ્વિક માન્યતા દ્વારા, ભારત એવા પસંદગીના દેશોમાંનો એક છે જે વ્યાપારી રીતે સક્ષમ હાઈપરલૂપ સિસ્ટમ બનાવવા તરફ નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યો છે, જે એક ટેકનોલોજીકલ પાવરહાઉસ તરીકે તેની સ્થિતિને મજબૂત બનાવે છે.

ચીને પણ 'મેક ઈન ઈન્ડિયા' પહેલને અપનાવી છે, જેમાં CRRC ઈન્ડિયા બેંગ્લોર મેટ્રો માટે સ્થાનિકીકરણના પ્રયાસોને સક્રિયપણે સમર્થન આપી રહી છે. ચીની કંપની મેટ્રો કોચનું ૭૫% થી વધુ સ્થાનિક ઉત્પાદન પ્રાપ્ત કરી રહી છે, જેમાં ૫૦% સામગ્રી ભારતમાંથી મેળવવામાં આવે છે. CRRC ભવિષ્યના પ્રોજેક્ટ્સમાં સ્થાનિકીકરણને ૯૦% સુધી વધારવાનો હેતુ ધરાવે છે. વધુમાં, CRRC માટે વૈશ્વિક હબ તરીકે પોતાને સ્થાપિત કરીને, સુવિધા પશ્ચિમ એશિયા અને આફ્રિકામાં નિકાસ ઓર્ડરને હેન્ડલ કરવા માટે તૈયાર છે.

જાપાન સાથે બુલેટ ટ્રેન રોલિંગ સ્ટોક સપ્લાય સોદાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે, ત્યારે ભારતે પહેલાથી જ હાઈ-સ્પીડ ટ્રેનોના સ્થાનિક ઉત્પાદન પર કામ શરૂ કરી દીધું છે. રોલિંગ સ્ટોક ઉપરાંત, ઑસ્ટ્રિયન કંપની પ્લાસર એન્ડ થ્યુરરની પેટાકંપની પ્લાસર ઈન્ડિયા તેના ટ્રેક મશીનો સાથે રેલવે જાળવણી અને બાંધકામમાં પરિવર્તન લાવી રહી છે. તેમના સ્થાનિક ઉત્પાદન પ્રયાસો વૈશ્વિક નિકાસને ટેકો આપવાની સાથે આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપે છે.

ભારતીય રેલવેએ તેની 'BBIN પહેલ' દ્વારા માત્ર દક્ષિણ એશિયાને રેલ દ્વારા જોડવા માટે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે, પરંતુ તેની 'એક્ટ ઈસ્ટ પોલિસી' હેઠળ પૂર્વમાં ભારતને ASEAN સાથે જોડવાની પણ કલ્પના કરી છે અને 'IMEC પહેલ' દ્વારા તે રેલ-સમુદ્ર-રેલ કોરિડોર દ્વારા ભારતને યુરોપ સાથે જોડવાની યોજના બનાવી રહી છે.

તેના PSUs રોલિંગ સ્ટોક, ટ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યોની નિકાસ કરી રહ્યા છે અને ઘણા એશિયન અને આફ્રિકન દેશોમાં કન્સલ્ટન્સી પૂરી પાડી રહ્યા છે.

નવી ટ્રેનો, આધુનિક સ્ટેશનો, ઝડપી ગતિ, સમર્પિત ફ્રેઈટ કોરિડોર અને હાઈ સ્પીડ નેટવર્ક સાથે, ભારતીય રેલવે હવે એક મુખ્ય વિશ્વ કક્ષાની રેલવે સિસ્ટમ છે અને તેની વાર્તા એવી છે કે ભારત એવા અન્ય દેશોને પણ આગળ લઈ જઈ શકે છે જેમણે રાષ્ટ્રીય વિકાસને ઉત્પ્રેરક બનાવવામાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકાનો સંપૂર્ણ ઉપયોગ કર્યો નથી. વિક્સિત રેલ વિક્સિત ભારતનું સૂત્ર ભારતીય રેલવે માટે ૨૦૪૭ સુધીમાં પરિવર્તનની રાહ જોવાનું અને સાક્ષી બનવાનું નથી - તે ભારત અને ભારત માટે એક સતત યાત્રા છે, જેમાં દરરોજ રેકોર્ડ, પ્રગતિ અને વૃદ્ધિના સીમાચિહ્નો સ્થાપિત થઈ રહ્યા છે.

(લેખક સીઆરએફમાં પ્રતિષ્ઠિત ફેલો અને ટ્રાફિક રેલવે બોર્ડના ભૂતપૂર્વ સભ્ય છે)

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદના કોટ વિસ્તારમાં પાથરણાંવાળાઓનો આતંક

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ શહેરમાં પોલીસના આકરા પગલા બાદ પણ કાયદાનો કોઈ ડર નથી તેમ સતત જોવા મળી રહ્યું છે. અમદાવાદમાં પૂર્વ વિસ્તારમાં આવેલા ભદ્ર વિસ્તારમાં પાથરણાંવાળાઓએ કોર્પોરેશન, પોલીસ સાથે ઝપાઝપી કરવાનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદ શહેરમાં દબાણકર્તાઓને દૂર કરવા અમદાવાદ કોર્પોરેશન અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હોવાનું સૂત્ર તરફથી માહિતી પ્રાપ્ત થઈ છે. હાલ ૮૫૦ પાથરણાંવાળાઓને માલસામાન વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવી છે. કોર્પોરેશનને ગેરકાયદેસર અતિક્રમણને લઈ અનેક ફરિયાદો મળતાં તંત્રએ કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન એસ્ટેટ વિભાગના કામમાં લારીવાળાઓ અડચણ પેદા કરતા હતા. પરિસરમાં મોટા વાહનને (લારી) પાર્ક કરવાની મંજૂરી ન હોવા છતાં અંદર આવતા એસ્ટેટ વિભાગે SRP ની મદદથી લારીઓને જપ્ત કરી હતી.

### મહિલાઓ એકસાથે ગોપી હુડા મહારાસ રમી રેકોર્ડ બનાવશે

। (એજન્સી) ભાવનગર, તા.૨૦ ।

બાવળીયાળી ઠાકરધામ ખાતે સંતશ્રી નગાલાખા બાપાના ઠાકર મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રીમદ્ ભાગવત ગોપ જ્ઞાન ગાથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આવતીકાલે ભરવાડ સમાજના પરંપરાગત ગોપી હુડા મહારાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૭૦ હજારથી વધારે મહિલાઓ એકસાથે ગોપી હુડા મહારાસ રમી રેકોર્ડ બનાવશે.મળતી વિગતો પ્રમાણે ધોલેરા તાલુકાના બાવળીયાળી ઠાકરધામ ખાતે સંતશ્રી નગાલાખા બાપાના ઠાકર મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રીમદ્ ભાગવત ગોપ જ્ઞાન ગાથાનું આયોજન કરવામાં આવ્યું છે.

### મંત્રી હર્ષ સંઘવીએ આપી માહિતી

# ગુજરાત એસટીની વોલ્વો બસ થકી કેટલા શ્રધ્ધાળુઓ મહાકુંભમાં પહોંચ્યા

### એસ.ટી.ની સવારી આજે લાખો ગુજરાતીઓના સપના સાકાર કરવાનું માધ્યમ બની રહી છે : હર્ષ સંઘવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

રાજ્યના વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહ ખાતે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા સંચાલિત એસટી બસોને 'કોમન મેનની શાહી સવારી' ગણાવતા જણાવ્યું હતું કે, એસ.ટી.ની સવારી આજે લાખો ગુજરાતીઓના સપના સાકાર કરવાનું માધ્યમ બની રહી છે. એસ.ટી.માત્ર પરિવહનનું માધ્યમ જ નહિ, પરંતુ સાડા છ કરોડ ગુજરાતીઓની પાંખો છે.

આ સંદર્ભે મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવા, દિવાળી અને રક્ષાબંધન જેવા તહેવારોમાં નાગરિકોને માદરે વતન પહોંચાડવા, શ્રદ્ધાળુઓને સોમનાથ, દ્વારકા અને ડાકોર જેવા યાત્રાધામો ખાતે પહોંચાડવા તેમજ વાવાઝોડા, પૂર જેવી કુદરતી આપત્તિના સમયે નાગરિકોને સલામત સ્થળે પહોંચાડીને આપણી એસ.ટી. સમયસર, સલામત અને સ્વચ્છ સવારી પૂરી પાડી રહી છે.

વિધાનસભા ગૃહ ખાતે વાહન વ્યવહાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં મંત્રી હર્ષ સંઘવીએ પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસના રાજમાર્ગ પર આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સલામત સવારી તેજ રફતાર સાથે આગળ વધી રહી છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત એસ.ટી નિગમે ટેકનોલોજી આધારિત અનેક નવા આયામો શરુ કર્યા છે. જેમાં ગુજરાતના બસ ડેપો અને બસ સ્ટેશનોને વધુ અદ્યતન બનાવવામાં આવ્યા છે.

એટલું જ નહિ, નાગરિકોને છેવાડાના ગામો સુધી પહોંચવા માટે સમયસર બસો ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિમાસ ૨૦૦ નવી બસ એટલે કે, દરરોજ ૬ નવી બસો નાગરિકોની સેવામાં કાર્યરત કરવામાં આવે છે. માત્ર છેલ્લા ૧૪ માસમાં જ ૨,૯૮૭ નવીન બસો પ્રજાની સેવામાં મૂકવામાં આવી છે. આ ઉપરાંત પરિવહનને વધુ કાર્યક્ષમ અને વેગવંતુ બનાવવા માટે અનેક નવા રૂટ પણ શરુ કરવામાં આવ્યા છે. આગામી વર્ષે પ્રજાની સેવામાં નવી ૨,૦૫૦ બસો કાર્યરત કરાશે, તેમ હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, સુંદર, સ્વચ્છ અને ઝડપી નવીન બસો સંચાલનમાં મૂકવાથી અગાઉ દૈનિક ૨૫ લાખ મુસાફરો જીએસઆરટીસીની બસોનો લાભ લેતા હતા, તેમાં દૈનિક ૨ લાખ મુસાફરોનો ઐતિહાસિક વધારો થતા હવે દૈનિક ૨૭ લાખ મુસાફરો આ સેવાનો લાભ લે છે. આ આંકડા એ માત્ર આંકડા નથી નિગમની સુદ્રઢ સેવાની વિશ્વસનીયતાની ખાતરી છે. મંત્રી હર્ષ સંઘવીએ જીએસઆરટીસીની વિશેષ પહેલ અંગે જણાવ્યું હતું કે, પ્રયાગરાજ ખાતે ૧૪૪ વર્ષે યોજાયેલા સનાતન ધર્મના મહાપર્વ – મહાકુંભમાં ગુજરાતના શ્રદ્ધાળુઓ નિર્વિઘ્ને સંગમમાં પવિત્ર સ્નાન કરી શકે તે માટે જીએસઆરટીસીએ પ્રવાસન નિગમ સાથે મળીને એક વિશેષ આયોજન કર્યું હતું. રાજ્યની જનતા માટે છઝ વોલ્વો બસ તથા રહેવાની વ્યવસ્થા સાથે એક પેકેજ બનાવી મહાકુંભ માટે રાજ્યના વિવિધ શહેરોમાંથી પ્રયાગરાજ માટે વિશેષ સેવાનું આયોજન કર્યું હતું, જેની ચર્ચા માત્ર ગુજરાત જ નહિ, પરંતુ સમગ્ર દેશમાં થઈ છે. માત્ર એક જ મહિનામાં ગુજરાતના વિવિધ શહેરોમાંથી ૨૪ છઝ વોલ્વો બસ થકી ૧૪૦ ટ્રીપ દ્વારા ૬,૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓએ પવિત્ર મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી છે.

### મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને ૨૩ માર્ચ ૨૦૨૫થી પ્રાયોગિક ધોરણે આણંદ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું

। અમદાવાદ, તા.૨૦ ।

ટ્રેન નંબર ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ ના મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ સ્ટેશનો પર સમય માં પરિવર્તન મુસાફરોની સુવિધા માટે ૨૩ માર્ચ, ૨૦૨૫ થી પ્રતિષ્ઠિત ટ્રેન નંબર ૨૦૯૦૧/૨૦૯૦૨ મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને આણંદ સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે વધારાનું સ્ટોપેજ આપવામાં આવી રહ્યું છે. તે જણાવવું યોગ્ય છે કે આણંદ સ્ટેશન પર વધારાના સ્ટોપેજને કારણે મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ સ્ટેશનો પર ટ્રેન નંબર ૨૦૯૦૨ ના સમયમાં પરિવર્તન થશે .

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ૨૩ માર્ચ, ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ આણંદ સ્ટેશન પર ૧૦.૩૮ કલાકે પહોંચશે અને ૧૦.૪૦ વાગ્યે રવાના થશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ આણંદ સ્ટેશન પર ૧૫.૩૦ કલાકે પહોંચશે અને ૧૫.૩૨ કલાકે પ્રસ્થાન કરશે. વધારાના સ્ટોપેજને કારણે, અમદાવાદ સ્ટેશન પર ટ્રેનના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેન હવે અમદાવાદ સ્ટેશન પર ૧૪.૫૦/૧૫.૦૦ કલાક ને બદલે ૧૪.૪૫/૧૪.૫૫ કલાકે આગમન/પ્રસ્થાન કરશે. સાથે જ, આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર ૨૦:૨૫ ને બદલે ૨૦:૩૦ કલાકે પહોંચશે. અન્ય સ્ટેશનો પરના સમયમાં કોઈ ફેરફાર થશે નહીં. વધુ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમયમર્યાદા લંબાવાઈ

। (એજન્સી) અમરેલી, તા.૨૦ ।

ખેડૂતોને પોતાની ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે તે સુનિશ્ચિત કરવા સરકાર દ્વારા વિવિધ જણશીઓના ટેકાના ભાવ જાહેર કરીને ખેડૂતો પાસેથી સીધી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે ગુજરાતના ખેડૂતો પાસેથી ઘઉંની ટેકાના ભાવે ખરીદીનો ગત ૧૭ માર્ચથી શુભારંભ કરવામાં આવ્યો છે. ભારત સરકારે ઘઉં માટે જાહેર કરાયેલા રૂ. ૨,૪૨૫/- પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે ગુજરાત રાજ્ય નાગરિક અન્ન પુરવઠા નિગમ દ્વારા આ ખરીદી કરવામાં આવી રહી છે. લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતો માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા ગત ૦૧ માર્ચથી તા. ૧૬ માર્ચ ૨૦૨૫ દરમિયાન હાથ ધરવામાં આવી હતી. ગુજરાતના હજુ પણ કેટલાક ખેડૂતોએ નોંધણી કરાવવાની બાકી રહી જતા રાજ્ય સરકારે નોંધણીની સમયમર્યાદા આગામી તા. ૦૫ એપ્રિલ ૨૦૨૫ સુધી લંબાવવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. બાકી રહી ગયેલા ખેડૂત ખાતેદારો બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા ગ્રામ્ય કક્ષાએથી જ ફઝઈ મારફત ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

## પ્રેમિકાએ લગ્નની વાત ટાળતા યુવકને લાગી આવતા આપઘાત

। (એજન્સી) આણંદ, તા.૨૦ ।

વિદ્યાનગરના બાકરોલ પાસે પીજીમાં રહેતા યુવકે પ્રેમિકા સાથે લગ્ન નહીં થાય તેવુ મનમાં લાગી આવતા આપઘાત કર્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. મૂળ નડિયાદના રેલવે ક્રોસિંગ પાસે આવેલી પાર્થ સોસાયટીમાં રહેતા રૂદ્રાક્ષ વિનોદ પંચાલ વિદ્યાનગરની બાકરોલની રામબાગ પાસે પીજીમાં રહેતો હતો અને વિદ્યાનગરની કંપનીમાં નોકરી કરતો હતો. રૂદ્રાક્ષ પંચાલને એક યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવતીને લગ્ન કરવાની યુવકે વાત કરી હતી. પરંતુ યુવતીએ લગ્ન કરવાની વાત ટાળી હતી. લગ્ન નહીં થાય તેવુ મનમાં લાગી આવતા રૂદ્રાક્ષ પંચાલે ગઈકાલે રાત્રે પોતાના ઘરે દુપટ્ટા વડે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

## ગરમી વધશે, મહત્તમ તાપમાનમાં ૨થી ત્રણ ડિગ્રીનો વધારો થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

રાજ્યમાં હાલમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, વહેલી સવારે ઠંડી અને બપોરે આકરી ગરમીમાં લોકો શેકાઈ રહ્યા છે.

હવે રાજ્યમાં ધીરે ધીરે તાપમાનમાં વધારો થયો છે, ત્યારે હવામાન વિભાગ અનુસાર, પવનની દિશા બદલાતા રાજ્યમાં ૨૨મી માર્ચથી ગરમી વધશે અને મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થશે. હવામાન વિભાગના અનુસાર, ગુજરાતમાં હાલમાં પશ્ચિમ તથા ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી પવન આવી રહ્યા છે, જેથી આગામી ત્રણ દિવસ તાપમાનમાં મોટા ફેરફાર થશે નહીં, પરંતુ ત્યારબાદ ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવનો ફૂંકાશે, જે ગરમ રહેશે. તેને કારણે મહત્તમ અને લઘુતમ તાપમાનમાં વધારો થશે. અમુક પવનો ઉત્તર-પૂર્વના પણ હોઈ શકે છે. જેથી, રાજ્યના વિવિધ વિસ્તારોનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી કે તેનાથી પણ વધુ થઈ શકે છે. આગામી ૨૪ કલાક હજુ પણ રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ ભેજયુક્ત પવન ફૂંકાવવાથી બફારાનો અનુભવ થશે.

